અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ માર્ચ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ તેરસ

વર્ષ : ૧૫
અંક : ૨૧૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પાકિસ્તાનના પંજાબ પ્રાંતની ઐતિહાસિક ઘટના । પંજાબના ઈતિહાસમાં પહેલી વખત શિખને મંત્રી બનાવાયા

## પંજાબને મરિયમ નવાઝના રૂપમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી મળ્યા

। ઈસ્લામાબાદ, તા.૭ ।

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સતત બે એવી ઘટના જોવા મળી છે જે અગાઉ ક્યારેય થઈ નથી. સૌથી પહેલા પંજાબને મરિયમ નવાઝના રૂપમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી મળ્યા. હવે પંજાબના ઈતિહાસમાં પહેલી વખત કોઈ શિખને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે.

નારોવાલથી ધારાસભ્ય ૪૮ વર્ષીય રમેશ સિંહ અરોરા બુધવારે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મંત્રી પદના શપથ લેનાર લઘુમતી શિખ સમુદાયથી પહેલા વ્યક્તિ બન્યા. રમેશ સિંહ અરોરા નારોવાલથી પ્રાંતીય એસેમ્બલીના ત્રણ વખતના સભ્ય છે. તેમણે પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફના પુત્રી અને મુખ્યમંત્રી મરિયમ નવાઝ શરીફના નેતૃત્વવાળી તાજેતરમાં જ ચૂંટાયેલ પાકિસ્તાન મુસ્લિમ લીગ (પીએમએલ-એન) સરકારના મંત્રીમંડળમાં મંત્રી તરીકે શપથ લીધા. આ સમારોહ લાહોરના ગવર્નર હાઉસમાં આયોજિત કરવામાં આવ્યુ હતુ. મરિયમના કાકા શહબાઝ શરીફને તાજેતરમાં જ પાડોશી દેશના વડાપ્રધાન તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

અરોરાએ કહ્યુ, ૧૯૪૭માં ભાગલા બાદ આ પહેલી વખત છે કે કોઈ શિખને પંજાબ પ્રાંતના કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા છે. હુ ન માત્ર શિખ પરંતુ પાકિસ્તાનમાં રહેતા હિંદુઓ અને ખ્રિસ્તીઓ સહિત તમામ લઘુમતીની સુરક્ષા અને ભલાઈ માટે કામ કરીશ. અરોરાને તાજેતરમાં જ પાકિસ્તાન શિખ ગુરુદ્વારા મેનેજમેન્ટ સમિતિના



પ્રમુખ તરીકે પણ પસંદ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં તાજેતરમાં જ થયેલી ચૂંટણીમાં અરોરાને નારોવાલથી વિધાનસભા સભ્ય તરીકે ફરીથી પસંદ કરવામાં આવ્યા. તેઓ ત્યાંના જ રહેવાસી છે. આ તે જગ્યા છે જ્યાં ગુરુ નાનકના અંતિમ વિશ્રામ સ્થળ ગુરુદ્વારા શ્રી કરતારપુર સાહિબ સ્થિત છે. ગયા વર્ષે તેમની કરતારપુર કોરિડોર માટે રાજદૂત તરીકે પણ નિમણૂક કરવામાં આવી હતી.

અરોરાએ કહ્યુ કે ૧૯૪૭માં ભાગલા દરમિયાન તેમના પરિવારે બહુવિધ શિખ/હિંદુ પરિવારોની જેમ ભારતમાં રહેવાના બદલે પાકિસ્તાનમાં જ રહેવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. તેમણે કહ્યુ, મારો જન્મ નનકાના સાહિબમાં થયો હતો પરંતુ બાદમાં અમે નારોવાલ જતા રહ્યા. મારા દાદાજીએ પોતાના પ્રિય મિત્રના આગ્રહ પર વિભાજન દરમિયાન પાકિસ્તાનમાં રહેવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. માત્ર મિત્રતાના કારણે તેમણે ત્યાં જ રોકાવાનો નિર્ણય કર્યો. અરોરાને લઘુમતી મામલાના વિભાગની જવાબદારી મળવાની શક્યતા છે. ગવર્નમેન્ટ કોલેજ યુનિવર્સિટી, લાહોરથી આંત્રપ્રેન્યોરશિપ એન્ડ એસએમઈ મેનેજમેન્ટમાં પોસ્ટગ્રેજ્યુએટ, અરોરાએ રાજકારણમાં આવ્યા પહેલા પાકિસ્તાનમાં વર્લ્ડ બેંકના ગરીબી નિવારણ કાર્યક્રમ માટે કામ કર્યું.

૨૦૦૮માં તેમણે મોજાજ ફાઉન્ડેશનની સ્થાપના કરી, જે પાકિસ્તાનમાં વંચિત અને નિરાધાર માટે કામ કરનાર સંગઠન છે. પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફના ૫૦ વર્ષીય પુત્રી મરિયમે ગયા અઠવાડિયે પાકિસ્તાનના સૌથી વધુ વસતી ધરાવતા અને રાજકીયરીતે મહત્વપૂર્ણ પંજાબ પ્રાંતના પહેલા મહિલા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. મરિયમને ત્રણ વખતના પૂર્વ વડાપ્રધાન ૭૪ વર્ષીય નવાઝ શરીફના રાજકીય ઉત્તરાધિકારી માનવામાં આવે છે.

### લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના નેતાના મોટા વાયદા

## કોંગ્રેસની સરકાર બને તો ૩૦ લાખ જગ્યા પર ભરતી કરાશે : રાહુલ ગાંધી

। (એજન્સી) બાંસવાડા, તા.૭ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણી પહેલા એક મોટું પગલું ભર્યું છે. યુવા મતદારોને આકર્ષવા માટે તેમણે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને યુવાઓ માટે મોટા વાયદા કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે જો દેશમાં કોંગ્રેસની સરકાર બનશે તો ૩૦ લાખ પોસ્ટ પર ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત તેમણે કોલેજ પૂર્ણ કર્યા બાદ ૧ લાખ રૂપિયાવાળી એપ્રેન્ટિસશિપ આપવાની પણ જાહેરાત કરી છે. તેમણે 'યુવા ન્યાય'ની જાહેરાત કરવાની સાથે પાંચ વચનો આપ્યા હતા. મણિપુરથી મુંબઈ સુધી 'ભારત જોડો ન્યાય યાત્રા' યોજી રહેલાં રાહુલ ગાંધીએ ગુરુવારે રાજસ્થાનના બાંસવાડામાં જનસભાને



સંબોધતાં કહ્યું કે ભારતમાં ૩૦ લાખ સરકારી જગ્યાઓ ખાલી છે.પીએમ મોદીનું તેના પર ધ્યાન જ નથી. ભાજપને તેમાં કોઈ રસ નથી. સરકારમાં આવ્યા બાદ અમારું પહેલું કામ ૩૦ લાખ નોકરીઓ આપવાનું રહેશે.

બીજા વચન તરીકે રાહુલ ગાંધીએ કહ્યું કે દેશના દરેક સ્નાતકને ૧ લાખ રૂપિયાનો હક આપવામાં આવશે. તેમણે દરેક યુવાનોને એપ્રેન્ટિસશીપનો અધિકાર આપવાની વાત કરી હતી. તેમણે કહ્યું, 'અમે મનરેગા લાવ્યા હતા જેનો લાખો લોકોને ફાયદો થયો હતો, અમે રોજગારનો અધિકાર આપ્યો હતો. તેવી જ રીતે, અમે ભારતના તમામ યુવાનોને એપ્રેન્ટિસશીપનો અધિકાર આપવા જઈ રહ્યા છીએ. દરેક સ્નાતક અને ડિપ્લોમા ધારકને આ મળશે. દરેક યુવકને કોલેજ પછી તરત જ ૧ વર્ષ માટે એપ્રેન્ટિસશિપ આપવામાં આવશે અને તેને ૧ લાખ રૂપિયા આપવામાં આવશે અને આ તેમનો અધિકાર હશે.

રાહુલ ગાંધીએ પેપર લીક થવાની વધતી જતી ઘટનાઓ બાદ વચન આપ્યું કે પેપર લીકની ઘટનાઓથી છુટકારો મેળવવા કડક કાયદો બનાવીકરોડો યુવાનોનું ભવિષ્ય બગડતું અટકાવવામાં આવશે.

## દેશભરમાં આજે મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવશે

### શિવજીને કુલ ૬ પુત્ર અને પુત્રી છે, જેમાં ત્રણ પુત્રી જ્યોતિ દેવી, મનસા દેવી અને દેવી અશોક સુંદરીનો સમાવેશ થાય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

હિન્દુ શાસ્ત્રો અને પુરાણોમાં ત્રણ રાત્રીનું ખાસ મહત્વ બતાવ્યું છે. મહાશિવરાત્રી, જન્માષ્ટમી અને કાળીચૌદશની રાત્રી. મહાશિવરાત્રીના દિવસે સાક્ષાત્ દેવોના દેવ મહાદેવ અને પાર્વતી માતાના વિવાહ થયા હતા. કથાકાર અશ્વિનભાઈ શુક્લ સાથે વાત કરતા જણાવ્યું કે આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન શિવને સમગ્ર જગતના પિતા કહેવામાં આવે છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે, ભગવાન શિવને ત્રણ પુત્રીઓ પણ છે. જો કે ત્રણેય પુત્રીઓ શિવજીના અન્ય પુત્રોની જેમ બહુ લોકપ્રિય નથી. પરંતુ દેશના ઘણા ભાગોમાં તેમના મંદિરો આવેલા છે. જ્યાં તેમની વિધિવત પૂજા કરવામાં



આવે છે. તથા આ ત્રણેય પુત્રીઓનું વર્ણન શિવપુરાણમાં પણ જોવા મળે છે. આ દેવીને ઓખા પણ કહે છે. ભગવાન શિવની મોટી પુત્રી અશોક સુંદરીને દેવી પાર્વતીએ તેમની એકલતા દૂર કરવા માટે જન્મ આપ્યો હતો. તેથી તેનું નામ અશોક રાખવામાં આવ્યું. મા પાર્વતી પણ તેમના પ્રથમ સંતાનમાં દીકરીનો જ જન્મ થાય એમ ઈચ્છતા હતા. એવું પણ માનવામાં આવે છે કે ભગવાન શિવની આ પુત્રી મા પાર્વતી જેટલી જ રૂપવાન હતી. તેથી તેમના નામ પાછળ સુંદરી નામ જોડવામાં આવ્યું. જો કે ગુજરાતમાં મોટા ભાગના વિસ્તારમાં દેવી અશોક સુંદરીની વિશેષ પૂજા કરવામાં આવે છે. આ સિવાય અન્ય એક કથા પણ સંકળાયેલી છે કે જ્યારે ભગવાન શિવ અને બાળ ગણેશ વચ્ચે યુદ્ધ થયું.

## ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે જશે એવો શિંદે જૂથના વિધાનસભ્યનો દાવો

। (એજન્સી) મુંબઈ , તા.૭ ।

લોકસભાની ચૂંટણીની જાહેરાત કયારેય થઈ શકે છે. દરમિયાન ભાજપની પ્રચાર સભાઓ શરૂ થઈ ગઈ છે. અમિત શાહ મહારાષ્ટ્રની મુલાકાતે છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ રાજ્યની મુલાકાત લેશે. આ બધા માહોલમાં એવી ચર્ચા છે કે ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે જશે? તેનું કારણ શિંદે જૂથના વિધાનસભ્યએ દાવો કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે જશે અને ટૂંક સમયમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળશે.લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી છે. દેશમાં ઈન્ડિયા અઘાડી અને રાજ્યમાં મહા વિકાસ અઘાડી આવા વિપક્ષી ગઠબંધન છે. ઉદ્ધવ ઠાકરે, શરદ પવારની પાર્ટી અને કોંગ્રેસ તે ગઠબંધનમાં છે. ઉદ્ધવ ઠાકરેની પ્રચાર સભાઓ પણ જોરશોરથી ચાલી રહી છે. ૨૦૧૯માં, જ્યારે ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે ચૂંટણી લડ્યા હતા, ત્યારે તે ચૂંટણીના પરિણામો પછી, અઢી વર્ષ સુધી મુખ્ય પ્રધાન પદની વહેંચણીને લઈને બંને પક્ષો વચ્ચે ભારે સંઘર્ષ થયો હતો. તે પછી શિવસેના, એનસીપી અને કોંગ્રેસની મહાવિકાસ અઘાડી અસ્તિત્વમાં આવી.

### શરેબજારમાં મોટો ઊતાર-ચઢાવ જોવા મળ્યો

## સેન્સેક્સમાં ૩૩, નિફ્ટીમાં ૧૯ પોઈન્ટનો વધારો નોંધાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ગુરુવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો અને અંતે બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટી લીલા નિશાનમાં બંધ થવામાં સફળ રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સ ૩૩ પોઈન્ટ વધીને ૭૪૧૧૯ પોઈન્ટ પર બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૯ પોઈન્ટ વધીને ૨૨૪૯૩ પોઈન્ટ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન શેરબજારમાં ઘણા ઉતાર-ચઢાવ નોંધાયા હતા, અમુક સમયે બીએસઈ સેન્સેક્સ અને એનએસસી નિફ્ટી લાલ નિશાન પર પહોંચી ગયા હતા, જ્યારે અમુક સમયે તેઓએ સારો ફાયદો નોંધાવ્યો હતો. ગુરુવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. બીએસઈ સેન્સેક્સ ક્યારેક લીલા નિશાને પહોંચ્યો



હતો તો ક્યારેક લાલ નિશાનમાં કામ કરતો હતો. જો આપણે શેરબજારમાં વૃદ્ધિ દર્શાવતા શેરો વિશે વાત કરીએ, તો તેમાં ટાટા કન્ઝ્યુમર, ટાટા સ્ટીલ, બજાજ ઓટો, જેએસડબ્લ્યુ સ્ટીલ, યુપીએલ, ટાટા મોટર્સ અને બજાજ ફાઈનાન્સના શેરનો સમાવેશ થાય છે. શેરબજારમાં ખોટ કરી રહેલા શેરોની વાત કરીએ તો, તેમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બીપીસીએલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એલટીઈ માઈન્ડટ્રી અને પાવર ગ્રીડના શેરનો સમાવેશ થાય છે.

## બીજુ જનતાદળનું ૧૫ વર્ષ બાદ ફરી ભાજપ સાથે જોડાણ

। (એજન્સી) ઓડિશા, તા.૭ ।

મુખ્ય પ્રધાન નવીન પટનાયકની આગેવાની હેઠળના ઓડિશાના શાસક બીજુ જનતા દળે, એનડીએ છોડ્યાના ૧૫ વર્ષ પછી આગામી લોકસભા ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીઓ માટે બીજેપી સાથે ફરીથી જોડાણ કર્યું છે. બીજેડીએ ૧૧ વર્ષની રાજકીય ભાગીદારી બાદ ૨૦૦૯માં બીજેપીની આગેવાની હેઠળની એનડીએમાંથી સીટ વહેંચણીની વાટાઘાટો નિષ્ફળ જવાને કારણે છોડી દીધી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ઓડિશા રાજ્યના પ્રવાસે હતા. આ દરમિયાન પીએમ મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા, પરંતુ મુખ્ય પ્રધાન નવીન પટનાયક પર મૌન રહ્યા. ઉલટું પીએમ મોદીએ અને મુખ્ય પ્રધાન નવીન પટનાયકે એકબીજાના જાહેરમાં ભારોભાર વખાણ કર્યા હતા. ત્યારથી ભાજપ અને બીજેડી વચ્ચે ગઠબંધનની અટકળોએ જોર પકડ્યું હતું. રાજકીય જાણકારોના મતે ભાજપ અને બીજદ વચ્ચે ગઠબંધનની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી. તેથી, જ્યારે નીતીશ કુમાર નવીન પટનાયક પાસે ભારત ગઠબંધનમાં જોડાવાનો પ્રસ્તાવ લઈને ગયા હતા.

### હુથી જૂથ દ્વારા વેપારી જહાજને નિશાન બનાવીને હુમલો

## મધદરિયે ફસાયેલા ૨૧ લોકોને ભારતીય નૌકાદળે બચાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

છેલ્લા ઘણા સમયથી રાતા સાગરમાં હુથીઓ દ્વારા માલવાહક જહાજો પર હુમલાની ઘટનાઓ વધી રહી છે જેના કારણે શિપિંગ કંપનીઓના જહાજને રૂટ બદલવો પડ્યો છે અને લાંબા રૂટની મુસાફરી કરવી પડી રહી છે ત્યારે એડનની ખાડીમાં ફરી એકવાર ઈરાન સમર્થિત હુથી જૂથ દ્વારા વેપારી જહાજને નિશાન બનાવીને મિસાઈલ વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ ક્રુ મેમ્બરના મોત થયા હતા અને ચાર ઘવાયા હતા. પરંતુ આ સૌની વચ્ચે ભારતીય નેવી મધદરિયે જહાજમાં ફસાયેલા ૨૧ લોકો માટે ફરીશ્તો બની ગઈ. તેણે દિલધડક ઓપરેશન હાથ ધરી આ લોકોને બચાવવામાં સફળતા મેળવી. આ ઘટનાનો વીડિયો પણ સામે



આવ્યો છે. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા પ્રમાણે બાર્બાડોઝના ધ્વજ હેઠળ પ્રવાસ કરી રહેલા અને લાઈબેરિયાની કંપનીની માલિકીના જહાજ પર બુધવારે સવારે ૧૧ વાગ્યે ઈરાન સમર્થિત હુથી જૂથ દ્વારા એક બેલેસ્ટિક મિસાઈલ ઝીંકાઈ હતી અને તેના કારણે પ્રચંડ વિસ્ફોટ થતા જહાજને નુકસાન થયું હતું. આ હુમલામાં ત્રણ ક્રુ મેમ્બરના મોત થયા હતા. ચાર લોકો ઘાયલ થયા છે અને તેમાંથી ત્રણની હાલત ગંભીર છે.



# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો નવમો પદવિધાન સમારોહ યોજાયો : ૧૯૦૯૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત

| (માહિતી) ગાંધીનગર, તા.૭ |

રાજ્યપાલ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે નવમો પદવિધાન સમારોહ યોજાયો હતો. શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે કચ્છ જિલ્લાના અંતરિયાળ વિસ્તારો; નલિયા, દયાપર, રાપર અને ખાવડામાં યુનિવર્સિટીના ચાર નવા સેન્ટરનો શુભારંભ કરાયો હતો. આ અવસરે નવા પાંચ અભ્યાસક્રમોનો પણ તેમણે આરંભ કરાવ્યો હતો. ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સુશ્રી સોનિયાબેન ગોકાણીની ઉપસ્થિતિમાં આયોજિત નવમા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, વિદ્યા પ્રાપ્તિ પછી વ્યક્તિ વિનયી અને નમ્ર બનવો જોઈએ. સૌમ્ય વ્યક્તિ જ સન્માનનીય બને છે. નમ્રતાથી યોગ્યતા પ્રાપ્ત થાય છે. યોગ્યતાથી ધનની પ્રાપ્તિ થાય છે. ધનનો મહિમા ત્યારે જ છે જો સાથે ધર્મ ભળે અને ધર્મ કમાશો તો જ સુખની પ્રાપ્તિ થશે.




શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પદવીધારક અને ચંદ્રકો મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આત્મનિર્ભર અને 'વિકસિત ભારત' બનવા જઈ રહ્યું છે, ત્યારે યુવાનો સત્યનું આચરણ કરતાં કરતાં કર્તવ્યનિષ્ઠાથી પોતાની જવાબદારીઓનું નિર્વહન કરીને અન્યના કલ્યાણ માટે પ્રવૃત્ત થાય તે સમયની માંગ છે. માતા-પિતા-ગુરૂજનો અને અતિથિઓ પ્રત્યે હંમેશા સન્માનભાવ રાખશો તો જીવનમાં સન્માનનીય બનશો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમીબેન ઉપાધ્યાય અને તેમની ટીમને અભિનંદન આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આ યુનિવર્સિટીએ કચ્છના સરહદી વિસ્તારોમાં સેવારત સેનાના જવાનોને, જેલના કેદીઓને, વિચરતી જાતિઓના લોકોને અને મહિલાઓને શિક્ષણ અને પ્રશિક્ષણના અવસર પૂરા પાડીને શ્રેષ્ઠ કામ કર્યું છે. મહિલા સશક્તિકરણનું અભિયાન અત્યારે જેટલું ઉજાગર થયું છે કેટલું અગાઉ ક્યારેય ન હતું. મંચ પર રાજ્યપાલ શ્રી અને બે શિક્ષણ મંત્રીઓ સાથે બંને છેડે બે મહિલાઓ; ડૉ. અમીબેન ઉપાધ્યાય અને સુશ્રી સોનિયાબેન ગોકાણી હતા, તે તરફ ધ્યાન દોરીને રાજ્યપાલશ્રીએ કહ્યું કે, જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં જ ઈશ્વરનો વાસ હોય છે. જ્યાં નારીનાં માન-સન્માન નથી જળવાતા ત્યાં પ્રસન્નતા અને ધર્મ ટકી શકતા નથી. આ અવસરે ઉચ્ચ શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું હતું કે, BAOUનો આ નવમો દીક્ષાંત સમારોહ એ અમૃતકાળનો પહેલો દીક્ષાંત સમારોહ છે. વર્ષ - ૨૦૪૭ માં ભારત હજારો વર્ષો જૂની વિરાસતની માવજત સાથે અભૂતપૂર્વ વિકાસ થકી વિકસિત રાષ્ટ્ર બનવાનું છે. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું હતું કે, તમે સ્નાતક થઈને આર્થિક, સામાજિક અને પારિવારિક ક્ષેત્રે જ્યારે આગળ વધશો ત્યારે ફક્ત ડિગ્રી સર્ટિફિકેટ કે માર્કશીટ નહીં પરંતુ જ્ઞાન અને કૌશલ્ય પણ મહત્વપૂર્ણ સાબિત થશે. પુસ્તકમાં રહેલી જાણકારીને કેવી રીતે અમલમાં લાવવી તેનું નામ જ્ઞાન છે. આવનારી પેઢીના ભાવિને ધ્યાનમાં રાખી નવી નેશનલ એજ્યુકેશન પોલીસી તૈયાર કરવામાં આવી છે, જેમાં સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કાર સાથે ઉજ્જ્વળ ભાવિની તમામ બાબતોનું ધ્યાન રખાયું છે. તમામ ક્ષેત્રોમાં વિશ્વ સાથે કદમથી કદમ મેળવી શકીએ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં બીજા દેશોની સરખામણીમાં વધુ સશકત બનીએ તેવી એજ્યુકેશન પોલીસી બનાવાઈ છે. આવનારી પેઢી નેશનલ એજ્યુકેશન પોલીસી હેઠળ એક સમય પર એકથી વધુ કોર્સિસ કરી શકશે. આગામી સમયમાં આર્ટ્સનો વિદ્યાર્થી સાયન્સ ભણી શકશે અને સાયન્સનો વિદ્યાર્થી આર્ટસ ભણી શકશે.

## લાંચ માગનારા પાલનપુરના આરટીઓ ઈન્સ્પેક્ટર સહિત બે જણા જબ્બે

| (એજન્સી) પાલનપુર, તા.૭ |

આરટીઓમાં વાહનોના નામ ફેરબદલી સહિતના કામ માટે લાંચ માગવાના કેસમાં એસીબીએ અંકિત કુમાર નરેન્દ્ર ભાઈ પંચાલ, આર.ટી.ઓ ઈન્સ્પેક્ટર , વર્ગ -૨, આર.ટી.ઓ કચેરી, પાલનપુર અને એક વચેટિયા ભરત જીવાભાઈ પટેલને ૧૧૭૦૦/ રંગે હાથ ઝડપી લીધા છે. બનાવની વિગત મુજબ આ કામ ના ફરીયાદી ઓટો એડવાઈઝર ની ઓફીસ માં કામ કરે છે , તેમના ક્લાયન્ટ વાહનો નાં નામ ફેરબદલી , તથા બોજા નાંખવા નાં કામે આર.ટી.ઓ કચેરી માં અવાર નવાર જતા હોય છે, આરોપી આર.ટી.ઓ ઈન્સ્પેક્ટર તેમને પોતાના વચેટીયાનેને ૧૧,૭૦૦/- કોઈ બીલ પેટે આપી દેવાનુ કહેલ પરંતુ ફરીયાદી બીલ નાં નાણાં ચુકવતા ના હોઈ છેલ્લા ત્રણ દીવસ થી ફરીયાદીનું કામ અટકાવી રાખીખ્યું હતું, અને ફરીયાદી ૧૧૭૦૦/- વચેટીયા ને આપે પછી જ કામ કરશે તેમ જણાવેલ હતું . ફરીયાદી લાંચ નાં નાંણાં આપવા માંગતા ના હોઈ એસીબી નો સંપર્ક કરી ફરીયાદ આપતા , આજરોજ લાંચનું છટકું ગોઠવવા માં આવેલ અને છટકા દરમ્યાન આરોપી ભરતે ફરીયાદી સાથે હેતુલક્ષી વાત ચીત કરી લાંચ નાં નાણાં માંગી સ્વીકારી , આરોપી નરેન્દ્ર પંચાલની સાથે મોબાઈલ પર વાત કરી લાંચનાં નાણાં મળી ગયેલ હોવા અંગે જાણ કરી તેમની સંમતિ / સ્વીકૃતિ મેળીવી , જે દરમિયાનટ્રેપીંગ ઓફીસર એસ.એન.બારોટ, પો.ઈન્સ. એ.સી. બી. ફિલ્ડ ૩ (ઈન્ટે.)અમદાવાદેડી. બી.મહેતા , પો.ઈન્સ. એ.સી.બી.ફિલ્ડ ૩ (ઈન્ટે.)અમદાવાદની મદદથી અને સુપરવિઝન ઓફીસર એ. વી. પટેલ, મદદનીશ નિયામક, એ.સી.બી. ફિલ્ડ ૩ (ઈન્ટે.)અમદાવાદેબન્ને આરોપી ઓ રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

# દાણીલીમડામાં ફ્લેટમાં લાગી ભીષણ આગ

### જોકે આગ લાગવા પાછળનું કારણ અકબંધ છે, ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી

| (એજન્સી) અમદાવાદ, તા.૭ |

અમદાવાદના દાણીલીમડામાં ખ્વાજા ફ્લેટમાં આગ ફાટી નીકળી હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના દાણીલીમડા વિસ્તારમાં ખ્વાજા ફ્લેટમાં લાગેલી આગમાં એક બાળકનું મોત થયું છે. મૃતક બાળકની ઉંમર એક વર્ષની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. અમદાવાદના દાણીલીમડામાં આગનું કારણ સામે આવ્યું છે. ખ્વાજા ફ્લેટમાં ઈલેક્ટ્રીક પેનલ અને એક્ટિવાના કારણે આગ ફેલાઈ હતી. આગની ઘટનામાં એક બાળકનું મોત થયું હતું જ્યારે આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.આગના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો. ફાયર વિભાગે ૨૭ લોકોને બચાવ્યા હતા.



તેમને સારવાર માટે એલજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગમાં ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. સવારે ૪ વાગ્યાને ૪૫ મિનિટે આગ લાગ્યાની આશંકા છે. જોકે આગ લાગવા પાછળનું કારણ અકબંધ છે. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગને કાબૂ કરવાના પ્રયાસ શરૂ કર્યા હતા.

મણિનગર અને જમાલપુર ફાયરસ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી.ગ્રાઉન્ડ ફ્લોર ઈલેક્ટ્રીક પેનલ અને પાર્ક એક્ટિવામાં આગ લાગી હતી. જેથી ધુમાડાને કારણે ફ્લેટમાં અફરાતફરીનો મહોલ સર્જાયો હતો. બીજી તરફ વડોદરાની પોર GIDCમાં મોડી રાત્રે આગ લાગી હતી. હિંદુસ્તાન ફાઈબર ગ્લાસ નામની કંપનીમાં આગ લાગી હતી. આગમાં કંપનીને ભારે નુકસાન થયાનો અંદાજ છે. આગ લાગવા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો.

વ્યક્તિની ચામડીનું પડ લઇ જરૂરી ટેસ્ટ કરીને સાચવવામાં આવે છે

## અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રાજ્યની સૌથી મોટી સ્કિન બેંક બનાવવામાં આવી

### મૃત્યુ પછી નજીકના સગા તરફથી સ્કિન ડોનેશન માટેની સહમતી આપેલ હોય એવા ૧૮ વર્ષથી ઉપરના કોઈપણ બ્લડ ગ્રુપના વ્યક્તિ ત્વચા દાન કરી શકે છે

| (એજન્સી) અમદાવાદ, તા.૭ |

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રાજ્યની સૌથી મોટી સ્કિન બેંક બનાવવામાં આવી છે. હવે કોઈપણ વ્યક્તિ કે જેણે પોતાના મૃત્યુબાદ ત્વચાનું દાન કરવાનો સંકલ્પ કરેલ હોય અથવા મૃત્યુ પછી નજીકના સગા તરફથી સ્કિન ડોનેશન માટેની સહમતી આપેલ હોય એવા ૧૮ વર્ષથી ઉપરના કોઈપણ બ્લડ ગ્રુપના વ્યક્તિ ત્વચા દાન કરી શકે છે. વ્યક્તિની ચામડીનું પડ લઈ જરૂરી ટેસ્ટ કરીને સાચવવામાં આવે છે અને કોઈપણ દર્દી કે જેમની ચામડીનો નાશ થયેલ હોય જેમકે દાઝી ગયેલ, એકસીડન્ટ બાદ કે અન્ય કોઈપણ કારણોસર ચામડીનો નાશ થયેલ હોય તેવા સંજોગોમાં આ સ્કિન બેંકમાં રહેલ ચામડીનો ઉપયોગ કરી શકાય છે. મૃત્યુના ૬ કલાકની અંદર ચામડી લેવામાં આવે છે અને તેને ખાસ રીતે (ગ્લીસરોલમાં) સાચવવામાં આવે છે. ચામડી વાપરવા લાયક છે કે નહિ તેની જરૂરી તપાસ જેવી કે લોહીની, બેક્ટેરિયા કે ફંગસ માટેની તપાસ કરવામાં આવે છે. કોઈપણ બ્લડ ગ્રુપના વ્યક્તિની ચામડી કોઈપણ દર્દીને લગાવી શકાય છે. બ્લડ ગ્રુપનો બાધ રહેતો નથી.

સ્કિન બેંકમાં રહેલી ચામડીનો ૫ વર્ષ સુધી ઉપયોગ કરી શકાય છે. સિવિલ હોસ્પિટલમાં બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં વર્ષમાં આશરે ૪૦૦થી વધારે દાઝેલા દર્દી દાખલ થાય છે અને અન્ય એકસીડન્ટના દર્દીઓ કે જેમનામાં ચામડી લગાવવાની જરૂર પડે છે તેવા ૨૦૦થી વધારે ચામડી લગાવવાના ઓપરેશન કરવામાં આવે છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદની સ્કિન બેંક રાજ્ય સરકાર અને રોટરી ક્લબ કાંકરીયાના સહયોગથી બનાવવામાં આવેલ છે. રોટરી ક્લબ કાંકરીયા દ્વારા લગભગ ૪૮ લાખ રૂપિયાના સાધનો ડોનેટ કરવામાં આવેલ છે અને આ સ્કિન બેંક બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગ દ્વારા ચલાવવામાં આવશે.

આજના સમયમાં પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ વિકલ્પ - ડો.પી.એમ.વઘાસિયા, બાગાયત નિયામક

## અમદાવાદના ઓઢવ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પરિસંવાદ યોજાયો

| અમદાવાદ, તા.૭ |

નાયબ બાગાયત નિયામક, અમદાવાદ દ્વારા અમદાવાદના ઓઢવ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે પાક પરિસંવાદ અને પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો જેવા કે બાગાયતી પાકોમાં ઘનજીવામૃત, બિજામૃત, વાપસા, સહજીવન અપનાવી ગ્રામ્ય કક્ષાએ મોડેલ ફાર્મ બનાવવા આહવાન કરવામાં આવ્યું હતું. સાથે જ, બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી વિશે તથા ઓર્ગેનિક પ્રમાણન અંગે પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આધુનિક ખેતી તેમજ પ્રાકૃતિક કૃષિ પેદાશો અંગેના ૨૫ થી વધુ સ્ટોલ પ્રદર્શન અંતર્ગત ઊભા કરવામાં આવ્યા હતા. "બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ પાક



પરિસંવાદ વ પ્રદર્શન" કાર્યક્રમમાં બાગાયત નિયામક શ્રી ડો.પી.એમ વઘાસિયા, સંયુક્ત બાગાયત નિયામક વડોદરા વિભાગ શ્રી જે.એમ. તુવાર, ગાંધીનગરના નાયબ ખેતી નિયામક શ્રી પી.બી.ખિસ્તરિયા, ગોપકાના અધિકારી શ્રી આર. ડી.પ્રજાપતિ, જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પ્રોજેકટ ડાયરેકટર શ્રી આત્મા, નાયબ ખેતી નિયામકશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલા દિવસ : ઝી ટીવીના કલાકારો તેમના જીવનમાં મહિલાઓના નોંધપાત્ર ફાળા વિશે ચર્ચા કરે છે

દર વર્ષે ૮મી માર્ચનાર જ આંતરરાષ્ટ્રિ મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે, આ ખાસ પ્રસંગે મહિલાઓની સિદધીઓની પ્રસંશા કરીને લિંગ સમાનતાને સપોર્ટ આપે છે. તે મહિલાઓની પ્રગતિને અવરોધતા દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. આ દિવસ મહિલાઓના અમૂલ્ય યોગદાનને સન્માન અને કદર કરવાના મૂલ્યનો પડઘો પાડે છે, વિવિધતા અને સશક્તિકરણને ચેમ્પિયન તરીકે રજૂ કરે છે. આ ખાસ દિવસ પર પ્રકાસ ફેંકતા, ઝી ટીવીના ચહિતા સિતારાઓ જેવા કે, ભાગ્ય લક્ષ્મીની ઐશ્વર્યા ખરે, પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિની નિક્કી શર્મા, ઈક કુડી પંજાબ દીનો અવિનેશ રેખી, કુમકુમ ભાગ્યનો અબરાર કાઝી, કૈસે મુઝે તુમ મિલ ગયેંની કિશોરી શહાને



વિજ, કુંડલી ભાગ્યની શ્રદ્ધા આર્યા, પ્યાર કા પહેલા નામ રાધા મોહનની નીહારિકા રોય, પબ સે હૈં દુઆની યેશા રુઘાણી અને ક્યુંકી... સાસ મા બહુ બેટી હોતી હૈંની નવિકા કોટિયા તેમના જીવવમાં મહિલાઓનું મહત્વ તથા આ દિવસની ઉજવણીના આયોજન વિશે જણાવે છે.

**વિશેષ લેખ** "આંતરરાષ્ટ્રીય મહિલા દિન વિશેષ" મહિલા સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ઋજુતા નવયુવાનો માટે રોલમોડલ

# દેશભરના મોટા ઈવેન્ટ્સમાં ગ્રાફિક ડિઝાઈન માટે જાણીતી બનેલી ઋજુતા ગુજરાતની સફળ યુવા ગ્રાફિક ડિઝાઇનર



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

ગ્રાફિક્સ ક્ષેત્રે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરનાર નર્મદા જિલ્લાની સફળ યુવા ગ્રાફિક ડિઝાઈનર ઋજુતા જગતાપ દેશભરના મોટા ઈવેન્ટમાં પોતાના ગ્રાફિક ડિઝાઈનીંગ માટે લોકપ્રિય બની રહી છે. નર્મદાની ઋજુતા નામાંકિત કંપનીઓની ઈવેન્ટ્સ, મ્યુઝિક આલ્બમ તેમજ ટીવી-બોલિવૂડની જાણીતી હસ્તીઓ માટે ગ્રાફિક ડિઝાઈનીંગ કરીને લાઈમ લાઈટમાં આવી રહી છે.

નર્મદા જિલ્લાની ઋજુતા સુંદર કલ્પનો, આકર્ષક ફ્રેમીંગ, નવરંગી કૉન્સેપ્ટસ, તલસ્પર્શી સૂઝબૂઝ સાથે સતત સંઘર્ષ કરીને આજે સફળતાના શિખરો સર કરીને ગુજરાતની સફળ યુવા ગ્રાફિક ડિઝાઈનર તરીકે ખૂબ લોકપ્રિય બની છે. અત્યાર સુધીમાં ૩૦૦૦થી વધુ ડિઝાઈન તૈયાર કરનાર ઋજુતા વેડિંગ્સ, પ્રોડક્ટ, જવેલરી, લોગો અને પોસ્ટર ડિઝાઈનો તૈયાર કરી છે.

વર્ષ ૨૦૨૩ માં બોમ્બે ખાતે યોજાયેલી "આઈકોનિક ગોલ્ડ એવોર્ડ ૨૦૨૩ ઈવેન્ટમાં ઋજુતાની ડિઝાઈન ચર્ચાનો વિષય બની હતી. જ્યાં અનુપમ ખેર, કરણ કુંદરા, વિનીત કપૂર, હિના ખાન, દિયા મિર્ઝા જેવા મોટા કલાકાર-સેલિબ્રિટીઝ આવ્યા હતાં. ઉપરાંત, ચાલુ વર્ષે ઈન્ડિયન આઈકોન એવોર્ડ




૨૦૨૪ ઈવેન્ટની પુરી ડિઝાઈન રૂજૂતાએ તૈયાર કરીને ખુબ લોકપ્રિય થઈ છે. જેમાં કાર્તિક આર્યન, સાનિયા મલહોત્રા, હિના ખાન, કિયારા અડવાણી, મનોજ બાજપાઈ, તેમજ ટીવી સેલિબ્રિટી સામેલ રહ્યાં હતા. વધુમાં વારાણસી ખાતે યોજાયેલી "સન બર્ન" મ્યુઝિક ફેસ્ટિવલની ડિઝાઈન પણ ઋજુતાએ તૈયાર કરી હતી.

આજે દેશભરના મોટા ઈવેન્ટની ડિઝાઈનો તૈયાર કરી ખૂબ ટૂંકા ગાળામાં ગુજરાતની પ્રથમ સફળ યુવા ગ્રાફિક ડિઝાઈનર બની ગઈ છે. ઋજૂતા જગતાપે માધ્યમો સાથેના સંવાદમાં જણાવ્યું કે, મેં અત્યાર સુધી ૩૦૦૦ થી વધુ ગ્રાફિક ડિઝાઈનો તૈયાર કર્યા છે. વારાણસી ખાતે યોજાયેલ એવોર્ડ ફંકશન "કાશી યોદ્ધા ગૌરવ સન્માન" અને "ઈન્ડિયાઝ ટોપ મોડેલ "ની ઈવેન્ટની ત્રણેય સીઝનમાં ઈવેન્ટની ડિઝાઈન મેં તૈયાર કરી હતી. હવે નામાંકિત કંપનીઓ, ઓર્ગેનાઈઝર્સ પણ પોતાની ઈવેન્ટની ડિઝાઈન તૈયાર કરવા માટે મને પસંદ કરી રહ્યા છે.

તાજેતરમાં લોન્ચ કરાયેલા "બલમવા" મ્યુઝિક આલ્બમની પબ્લિસિટી ડિઝાઈનર તરીકે ઋજૂતા જગતાપનું નામ ZEE Music કંપનીના યૂટ્યૂબ પર મુકાયું છે જે નર્મદા જિલ્લા અને ગુજરાત માટે ગૌરવની બાબત છે. રૂજૂતાએ વધુમાં જણાવ્યું કે, ગ્રાફિક ડિઝાઈનર એક મોડર્ન આર્ટ છે, પોતાની કલા અને ટેક્નિક્સથી કલરફૂલ દુનિયાને અદ્ભૂત બનાવવામાં સફળતા મેળવી શકાય છે, માત્ર સતત અને સક્રીય મહેનત જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઋજુતાના પિતા શ્રી દીપક જગતાપ જાણીતા સાહિત્યકાર, વરિષ્ઠ પત્રકાર, વિજ્ઞાન લેખક અને અનેક એવોર્ડ વિજેતા છે. માતા શ્રીમતી જ્યોતી જગતાપ પ્રતિષ્ઠિત મહિલા અગ્રણી ઉપરાંત વોઈસ ઓફ નર્મદાના તંત્રી, જનકલ્યાણ સેવા ટ્રસ્ટ ના ચેરપર્સન અને મહિલા સુરક્ષા સમિતિના સદસ્ય છે. પત્રકારત્વ સાથે સંકળાયેલા આ પ્રતિષ્ઠિત પરિવારની દીકરી ઋજુતાએ પોતાના પંખ પ્રસરાવીને આકાશને આંબવા માટે એક ઉંચી ઉડાન ભરી છે. ઋજુતા નર્મદા જિલ્લા સહિત ગુજરાતના નવયુવાનો અને મહિલાઓ માટે રોલ મોડલ બની છે કહેવું ખોટું નથી.

ઋજુતા અંગ્રેજી મીડીયમમાં B. E (E.C) સ્નાતક થઈને ગ્રાફિક ડિઝાઈનિંગનો ડિપ્લોમા કરીને ગ્રાફિક્સમાં કેરિયર બનાવવાની શરૂઆત કરી. શરૂઆતી સંઘર્ષ બાદ ઋજુતાએ ગ્રાફિક ડિઝાઈનને પુરેપુરો સમય આપવાનું શરૂ કર્યું, મોડી રાત સુધી સતત કામ કરતી ઋજૂતાની નિત-નવી સ્ટાઈલિસ્ટ ડિઝાઈનો કંપનીઓને પસંદ આવવા લાગી. મોટી કંપનીઓના ઈવેન્ટની ડિઝાઈનનું કામ મળવાનું શરૂ થયું. ગુજરાતની સફળ યુવા અને સૌથી બીઝી ડિઝાઈનરે ગુજરાત સહિત નર્મદા જિલ્લાનું નામ રોશન કર્યું છે. ઋજુતાએ "સીટી શોર"ની કેલેન્ડર માટે મોડેલિંગ પણ કર્યું હતું અને ૨૦૧૩ ની "મિસ પ્રિન્સેસ" પણ રહી ચૂકી છે. આ અંગે ઋજુતાએઆ ક્ષેત્રમાં આગળ વધવા માંગતા યુવા પેઢીને અને ખાસ કરીને યુવતીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે યુવામહિલાઓ માટે ગ્રાફિક ડિઝાઈનિંગમાં ખૂબ મોટી કારકિર્દી બનાવી શકાય તેમ છે. એમાં ખૂબ લગન, મહેનત અને સારુ કામ કરવાની તમન્ના હોય તો ચોક્કસ આ ક્ષેત્રમાં યુવક યુવતીઓનું ઉજ્જ્વળ ભવિષ્ય બનાવી શકાય છે.

### ઈંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટમાં ભારતનો દબદબો

# ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સના ૨૧૮ની સામે ભારતના એક વિકેટે ૧૩૫ રન

## કુલદીપ યાદવની પાંચ વિકેટ, રવિચંદ્રન અશ્વિનની ચાર વિકેટ, યશસ્વી જયસ્વાલ અને રોહિતની અડધી સદી










। (એજન્સી) ધર્મશાલા, તા.૭ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની અંતિમ મેચ ધર્મશાલામાં રમાઈ રહી છે. પ્રવાસી ટીમની પ્રથમ ઈનિંગ્સ ૨૧૮ રમાં સમેટ્યા બાદ યજમાન ભારતે પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં એક વિકેટના ભોગે ૧૩૫ રન બનાવી લીધા હતા. દિવસના અંતે રોહિત શર્મા ૫૨ અને શુભમન ગિલ ૨૬ રને રમતમાં હતા. આ મેચના પ્રથમ દિવસે ભારતીય ઓપનર યશસ્વી જયસ્વાલે કમાલ કરી હતી. જયસ્વાલે ભારતની પ્રથમ ઈનિંગ દરમિયાન ૫૮ બોલમાં ૫૭ રન બનાવ્યા હતા. તેણે આ ઈનિંગમાં ૫ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા. આ દરમિયાન યશસ્વીએ કેટલાંક મોટા રેકોર્ડ બનાવ્યા હતા. યશસ્વી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટર બની ગયો છે. યશસ્વીએ વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. વિરાટે વર્ષ ૨૦૧૬ની સીરિઝમાં ૬૫૫ રન બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલે ટેસ્ટ ક્રિકેટમાં પોતાના ૧૦૦૦ રન પણ પૂરા કર્યા છે. યશસ્વી સૌથી ઝડપી ૧૦૦૦ ટેસ્ટ રન પૂરા કરનાર ભારતીય ઓપનર બની ગયો છે. યશસ્વીએ તેની ૧૬મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેના ૧૦૦૦ રન પૂરા કર્યા છે. યશસ્વી એકંદરે સૌથી ઝડપી ૧૦૦૦ ટેસ્ટ રન બનાવનાર બીજો ભારતીય છે. વિનોદ કાંબલીએ ૧૪ ઈનિંગ્સમાં હજાર ટેસ્ટ રન પૂરા કર્યા હતા.

### ૧૦૦ ટેસ્ટમાં અશ્વિન પાંચમો બોલર છે

# ૧૦૦ ટેસ્ટ મેચ રમનાર ભારતનો ૧૪મો ખેલાડી બન્યો અશ્વિન

## ઈંગ્લેન્ડના બેટ્સમેન જોની બેયરસ્ટોની પણ આ ૧૦૦મી ટેસ્ટ મેચ હશે, તે ૧૦૦ ટેસ્ટ રમનાર ૧૭મો અંગ્રેજ ખેલાડી છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ધર્મશાલામાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી ટેસ્ટ મેચ શરૂ થતાની સાથે જ ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન ૧૦૦ ટેસ્ટ મેચ રમનાર ભારતનો ૧૪મો ખેલાડી બની ગયો છે અને આ સિદ્ધિ હાંસલ કરનાર અશ્વિન વિશ્વનો ૭૭મો ખેલાડી છે. આ સિવાય અશ્વિન ભારતના ૯૨ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં ૧૦૦ કે તેથી વધુ ટેસ્ટ રમનાર માત્ર પાંચમો બોલર છે. અશ્વિન પહેલા અનિલ કુંબલે, કપિલ દેવ, ઈશાંત શર્મા અને હરભજન સિંહ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. અશ્વિન ઉપરાંત ઈંગ્લેન્ડના બેટ્સમેન જોની બેયરસ્ટોની પણ આ ૧૦૦મી ટેસ્ટ મેચ હશે. તે ૧૦૦ ટેસ્ટ રમનાર ૧૭મો અંગ્રેજ ખેલાડી છે. ભારત આ યાદીમાં ત્રીજા સ્થાને છે જેના ખેલાડીઓએ સૌથી વધુ ૧૦૦ ટેસ્ટ રમી છે. ઈંગ્લેન્ડ ૧૭ અને ઓસ્ટ્રેલિયા ૧૫ ખેલાડીઓ સાથે ભારત કરતા આગળ છે જેમણે ૧૦૦ ટેસ્ટ રમી છે. અશ્વિનનું ટેસ્ટ ડેબ્યૂ વર્ષ ૨૦૧૧માં થયું હતું. નવેમ્બરના પ્રથમ સપ્તાહથી શરૂ થયેલી વેસ્ટ ઈન્ડિઝ સામેની તે ટેસ્ટ મેચમાં અશ્વિનને સચિન તેંડુલકરે ડેબ્યૂ કેપ આપી હતી. આ પછી અશ્વિને પણ પોતાના પ્રદર્શનથી ડેબ્યૂ ટેસ્ટને યાદગાર બનાવી હતી. તેણે ડેબ્યૂમાં કુલ ૯ વિકેટ લઈને પ્લેયર ઓફ ધ મેચ જીત્યો હતો. હવે તેની ૧૦૦મી ટેસ્ટમાં પણ અશ્વિન પાસેથી આવી જ અપેક્ષાઓ રહેશે, જેથી તે તેને યાદગાર પણ બનાવી શકે. જ્યાં સુધી ૧૦૦મી ટેસ્ટ પહેલા અશ્વિનના પ્રદર્શનની વાત છે તો તેણે ૯૯ મેચમાં ૨૩.૯૧ની એવરેજથી ૫૦૭ વિકેટ લીધી હતી, જેમાં ૫ કે તેથી વધુ વિકેટ લેવાની સિદ્ધિ ૩૫ વખત નોંધાઈ છે. મુથૈયા મુરલીધરન પછી તે માત્ર બીજો બોલર છે જેણે તેની ૧૦૦મી ટેસ્ટ રમતા પહેલા જ ૫૦૦થી વધુ વિકેટ પોતાના નામે કરી લીધી છે. અશ્વિન પહેલા ભારતના ૧૩ ખેલાડીઓએ ૧૦૦ ટેસ્ટ રમવાની સિદ્ધિ મેળવી હતી. આ યાદીમાં સચિન તેંડુલકર ટોપ પર છે. બીજા સ્થાને ટીમ ઈન્ડિયાના વર્તમાન મુખ્ય કોચ રાહુલ દ્રવિડ છે. અશ્વિન પહેલા વિરાટ કોહલી, ચેતેશ્વર પૂજારા અને ઈશાંત શર્મા આ માઈલસ્ટોન પર પહોંચી ગયા છે. જોકે, ઈશાંત શર્માએ તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૨૦૨૧માં રમી હતી.

### મસ્કે સેમ ઓલ્ટમેન સામે કેસ દાખલ કર્યો

# કંપનીના કોન્ટ્રાક્ટ અને વિવિધ બિઝનેસ પ્રેક્ટિસ તોડવાનો સેમ સામે મસ્કનો આરોપ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

ઈલોન મસ્ક ફરી એકવાર ચેટજીપીટીની પેરેન્ટ કંપની ઓપનએઆઈને લઈને સમાચારમાં છે. ઓપનએઆઈ સાથે ઈલોન મસ્કનો સંબંધ કંપનીનો પાયો નાખવામાં આવી રહ્યો હતો ત્યારનો છે. જો કે મસ્ક બાદમાં ઓપનએઆઈથી અલગ થઈ ગયા હતા. જ્યારે હવે મસ્કે ઓપનએઆઈ અને કંપનીના સીઈઓ સેમ ઓલ્ટમેન સામે કેસ દાખલ કર્યો છે. તેણે સેમ પર કંપનીના કોન્ટ્રાક્ટ અને વિવિધ બિઝનેસ પ્રેક્ટિસ તોડવાનો આરોપ લગાવ્યો છે. કંપની વિરુદ્ધ દાખલ કરાયેલા કેસમાં મસ્કએ કહ્યું છે કે ઓપનએઆઈ હવે માનવતાના કલ્યાણને બદલે માઈક્રોસોફ્ટ માટે મહત્તમ નફો મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ પછી સેમ ઓલ્ટમેને પોતાની અને મસ્ક વચ્ચેની જૂની વાતચીત શેર કરી. તેણે ટ્વિટર પર તેમની વાતચીત શેર કરી, જેમાં સેમે ટેસ્લા અને મસ્કને એવા સમયે સમર્થન આપ્યું જ્યારે ઘણા લોકો તેમનો વિરોધ કરી રહ્યા હતા. આ વાત ઘણા વર્ષો જૂની છે. આ બંને વચ્ચેની આ વાતચીત ૨૦૧૯માં ટ્વિટર પર થઈ હતી. એક સમયે ઈલોન મસ્ક પણ સ્થાપકોની ટીમમાં હતા. પરંતુ વર્ષ ૨૦૧૮માં તે અલગ થઈ ગયા અને હવે મસ્ક કંપની વિરુદ્ધ કોર્ટમાં પહોંચ્યા છે. ઈલોન મસ્કએ ઓપનએઆઈ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.



જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી શંકરાચાર્ય ટેકરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## અશ્વિને દેવદત્ત પડિક્કલને ટેસ્ટમાં ડેબ્યુ કેપ સોંપી



। (એજન્સી) ધર્મશાલા, તા.૭ ।

ધર્મશાલામાં રમાઈ રહેલી ઈંગ્લેન્ડ સામેની પાંચમી ટેસ્ટમાં દેવદત્ત પડિકલે ભારત માટે ટેસ્ટ ડેબ્યુ કર્યું છે. પોતાની ૧૦૦મી ટેસ્ટ રમી રહેલા રવિચંદ્રન અશ્વિને પડિક્કલને ડેબ્યુ કેપ સોંપી હતી. આ પહેલા રાંચીમાં રમાયેલી ચોથી ટેસ્ટમાં ફાસ્ટ બોલર આકાશ દીપે ભારત તરફથી ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. હવે દેવદત્ત પડિક્કલને પણ ડેબ્યુ કરવાની તક મળી છે. પડિકલે ભારત માટે ટી૨૦આઈમાં ડેબ્યુ કર્યું છે. દેવદત્ત પડિક્કલે જુલાઈ ૨૦૨૧માં શ્રીલંકા સામે રમાયેલી ટી૨૦આઈ મેચ દ્વારા ભારત માટે આંતરરાષ્ટ્રીય ડેબ્યુ કર્યું હતું. જો કે ત્યારે ફક્ત ૨ ટી૨૦આઈ મેચ રમવાની તક મળી હતી. કેપ્ટન રોહિત શર્માએ જણાવ્યું કે રજત પાટીદારની જગ્યાએ દેવદત્તને ડેબ્યુ કરવાની તક મળી છે. ધર્મશાલા ટેસ્ટ પહેલા ટ્રેનિંગ દરમિયાન પાટીદાર ઈજાગ્રસ્ત થયો હતો. ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ સીરિઝમાં ભારત માટે ઘણા ખેલાડીઓએ ડેબ્યુ કર્યું હતું. સૌથી પહેલા રજત પાટીદારે વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ભારત માટે ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. આ પછી સરફરાઝ ખાન અને ધ્રુવ જુરેલે રાજકોટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું.

## એઆઈની ચોરી બદલ ગુગલના પૂર્વ સોફ્ટવેર એન્જિ.ની ધરપકડ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

ગૂગલના પૂર્વ સોફ્ટવેર એન્જિનિયર પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેક્નોલોજીની ચોરી કરવાનો આરોપ લાગ્યો છે. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના જણાવ્યાનુસાર, પૂર્વ સોફ્ટવેર એન્જિનિયર બે ચાઈનીઝ કંપનીઓ સાથે ગુપ્ત રીતે કામ કરતો હતો. ગૂગલના આ પૂર્વ સોફ્ટવેર એન્જિનિયરનું નામ લિનવેઈ ડીંગ જાણવા મળ્યું છે, જે ચીનનો નાગરિક છે. કેલિફોર્નિયાના નેવાર્કમાં લિનવેઈ ડીંગની બુધવારે ધરપકડ કરવામાં આવી હતી. રિપોર્ટ્સ અનુસાર અમેરિકન એટર્ની જનરલ મેરિક ગારલેન્ડ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ધરપકડ કરાયેલો એન્જિનિયર બે ચાઈનીઝ કંપનીઓ માટે ગુપ્ત રીતે કામ કરી રહ્યો હતો અને ગૂગલની એઆઈ ટેક્નોલોજીની ચોરી કરી રહ્યો હતો. આ ઉપરાંત એટર્ની જનરલ મેરિક ગારલેન્ડે વધુમાં જણાવ્યું હતું કે ડીંગ પર ટ્રેડ સિક્રેટની ચોરીના ચાર ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો છે અને દરેક ગુના માટે ડીંગને ૧૦ વર્ષની સજા થઈ શકે છે. પૂર્વ એન્જિનિયર વિરુદ્ધ કેસની સુનાવણી સાન ફ્રાન્સિસ્કોમાં અમેરિકન બાર એસોસિએશનની કોન્ફરન્સ દરમિયાન થઈ હતી.

## ટાટા મોટર્સ દ્વારા એપ્રિલ ૨૦૨૪થી તેનાં કમર્શિયલ વાહનોના ભાવમાં વધારો કરવાની ઘોષણા

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

ભારતની સૌથી વિશાળ કમર્શિયલ વાહનની ઉત્પાદક ટાટા મોટર્સ દ્વારા ૧લી એપ્રિલ, ૨૦૨૪થી અમલ સાથે તેનાં કમર્શિયલ વાહનોની કિંમતોમાં ૨ ટકા સુધી વધારો કરવામાં આવશે એવી ઘોષણા કરવામાં આવી છે. આ ભાવ વધારો ગત ઈનપુટ ખર્ચના શેષ પ્રભાવને દૂર કરશે. આ ભાવ વધારો વ્યક્તિગત મોડેલ અને પ્રકાર અનુસાર ભિન્ન રહેશે ત્યારે તે કમર્શિયલ વાહનોની સંપૂર્ણ શ્રેણીમાં લાગુ થશે.

### બે વર્ષ કરતા વધુ સમયથી યુદ્ધ જારી

# જેલેન્સ્કીના કાફલા નજીક રશિયન મિસાઈલનો હુમલો



। (એજન્સી) કીવ, તા.૭ ।

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા બે વર્ષ કરતા પણ વધારે સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે જેમાં અનેક લોકોના મોત થયા છે જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. આ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી ગ્રીસના વડાપ્રધાનને મળવા જતા હતા તે દરમિયાન તેના કાફલાની ખૂબ નજીક રશિયાની મિસાઈલે હુમલો કર્યો હતો, જેમાં ઝેલેન્સ્કી માંડ-માંડ બચ્યાં હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, યુક્રેનના રાષ્ટ્રપતિ અને ગ્રીસના વડાપ્રધાન ઓડેસામાં મળવાના હતા. પરંતુ જ્યારે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીનો કાફલો ગ્રીક એમ્બેસી પહોંચ્યો ત્યારે લગભગ ૧૦૦ મીટરના અંતરે મિસાઈલ હુમલો થયો હતો. નોંધનીય છે કે રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને ગયા મહિને જ બે વર્ષ પૂરા થયા હતા. ઘણા પ્રયત્નો છતાં બંને દેશો વચ્ચે હજુ સુધી શાંતિ સ્થાપિત થઈ શકી નથી. થોડા-થોડા દિવસે સતત ડ્રોન હુમલા અને મિસાઈલ હુમલાના અહેવાલો આવતા રહે છે. આ યુદ્ધને લઈને યુરોપિયન કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સના સરવેમાં ખૂબ જ રસપ્રદ વાત કહેવામાં આવી છે, જેમાં યુરોપના મોટાભાગના લોકો રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને સમર્થન આપે છે. જો કે, ૧૦માંથી માત્ર એક જ માને છે.

## મેક્સિકોમાં દેખાવકારોએ રાષ્ટ્રપતિ ભવનનો દરવાજો તોડી નાખ્યો

। (એજન્સી) મેક્સિકો, તા.૭ ।

મેક્સિકોના રાષ્ટ્રપતિ ભવનમાં તે સમયે હોબાળો મચી ગયો હતો જ્યારે ૪૩ ગુમ વિદ્યાર્થીઓ માટે ન્યાયની માંગ સાથે વિરોધ કરી રહેલા દેખાવકારોએ રાષ્ટ્રપતિ ભવનનો દરવાજો તોડી નાખ્યો હતો. અહેવાલ અનુસાર દેખાવકારો લગભગ એક દાયકા પહેલા ગુમ થયેલા ૪૩ વિદ્યાર્થીઓ માટે ન્યાયની માંગ કરવા માટે દેખાવ કરી રહ્યા હતા. બુધવારે પ્રદર્શન દરમિયાન દેખાવકારોએ મેક્સિકોના રાષ્ટ્રપતિ ભવનનો દરવાજો તોડી નાખ્યો હતો. માહિતી અનુસાર આ ઘટના એવા સમયે બની હતી જ્યારે રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ રાષ્ટ્રપતિ ભવનની અંદર પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક દેખાવકારોએ રાષ્ટ્રપતિ ભવનની અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.

# પાક.ની સુપ્રીમે ઝુલ્ફીકર ભુટ્ટોની ફાંસીને ગેરબંધારણીય ઠેરવી

## નવ ન્યાયાધીશોની બેન્ચે પૂર્વ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ દાખલ કરેલા રેફરન્સ પર આ ટિપ્પણી કરી



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૭ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને ૧૯૭૯માં હત્યા સંબંધિત કેસમાં ફાંસી આપવામાં આવી હતી. પરંતુ હવે ૪૫ વર્ષ બાદ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તેમની ફાંસી અંગે મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે ૧૯૭૯માં પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો વિરૂદ્ધ હાથ ધરવામાં આવેલા કેસની સુનાવણી બંધારણ અનુસાર ન હતી. પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ કાઝી ફૈઝ ઈસાની આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની બેન્ચે પૂર્વ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ દાખલ કરેલા રેફરન્સ પર આ ટિપ્પણી કરી હતી. ખરેખર ૨ એપ્રિલ, ૨૦૧૧ના રોજ ઝરદારીએ પાકિસ્તાની બંધારણની કલમ ૧૮૯ હેઠળ પૂર્વ વડાપ્રધાન ભુટ્ટોને આપવામાં આવેલી ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય માંગ્યો હતો. ઝરદારીએ અરજીમાં કહ્યું હતું કે ૧૯૭૯ના આ નિર્ણય પર પુનર્વિચાર થવો જોઈએ. હવે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી અને જ્યુરિસ્ટે આ નિર્ણયને ઐતિહાસિક ભૂલ ગણાવી છે. ચીફ જસ્ટિસ ઈસાએ કહ્યું કે પૂર્વ વડાપ્રધાન ભુટ્ટો પર નિષ્પક્ષ સુનાવણી થઈ નથી. ભુટ્ટોને ૪ એપ્રિલ ૧૯૭૯ના રોજ રાવલપિંડીમાં ફાંસી આપવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ઈસાએ કહ્યું કે લાહોર હાઈકોર્ટમાં થયેલી સુનાવણી અને સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલી અપીલ પાકિસ્તાનના બંધારણની કલમ ૪ અને ૯ અનુસાર નથી. આ હેઠળ નિષ્પક્ષ સુનાવણી અને યોગ્ય પ્રક્રિયાને મૂળભૂત અધિકારો તરીકે જોવાઈ છે. બંધારણની કલમ ૧૦એ હેઠળ તેને મૂળભૂત અધિકાર તરીકે પણ સ્થાન આપવામાં આવ્યું છે. અત્યાર સુધી આ કેસની સાત વખત સુનાવણી થઈ ચૂકી છે. ચીફ જસ્ટિસ ઈસાનું કહેવું છે કે લાહોર હાઈકોર્ટ દ્વારા કેસની સુનાવણી અને સુપ્રીમ કોર્ટની અપીલ એકબીજા સાથે મેળ ખાતી નથી. અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું છે કે આપણા ન્યાયિક ઈતિહાસમાં કેટલાક એવા કિસ્સા બન્યા છે, જેણે સામાન્ય લોકોમાં એવી ધારણા ઊભી કરી છે કે ડર અથવા પક્ષપાતને કારણે ન્યાય પ્રભાવિત થાય છે.

## તંત્રી લેખ...

# પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થીઓ પર બૂલડોઝર કાર્યવાહી

ત્રાસ અને કનડગતના કારણે પાકિસ્તાનથી આવતા અને મજનુ કા ટીલા રેફયુજી કેમ્પમાં રહેતા ૧૮૦ પરિવારો પર 'બુલડોઝર'નો ખતરો છે. દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટીએ (ડીડીએ) બુધવારે આ પરિવારોને એનજીટીના આદેશને ટાંકીને જમીન ખાલી કરવાની નોટિસ આપી હતી. ડીડીએ દ્વારા આપવામાં આવેલી નોટિસમાં એનજીટીના ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫ના આદેશને ટાંકવામાં આવ્યો છે. આ સાથે ૨ ઓગસ્ટ, ૨૦૨૨ના આદેશને પણ ટાંકવામાં આવ્યો છે. આ અંતર્ગત યમુના પૂર વિસ્તારમાંથી અતિક્રમણ હટાવવાની વાત થઈ રહી છે. ડીડીએએ જણાવ્યું કે નાગરિકો અહીંથી શિફ્ટ થઈને શેલ્ટર હોમ, ગીતા કોલોની, રેઈન બસેરા, દ્વારકા અને રેઈન બસેરા દ્વારકા સેક્ટર ૧માં રહી શકે છે. જો કે હિન્દુ શરણાર્થીઓએ તેને ફગાવી દીધો છે. તેઓ કહે છે કે તેઓ અહી જ રહેશે કારણ કે બીજી જગ્યાએ કામ-કાજ મળશે નહીં અહીં આસપાસ રોજગાર મળી રહે છે. પાકિસ્તાનથી આવેલી હિન્દુ શરણાર્થી લક્ષ્મીએ જણાવ્યું કે તેમનો પરિવાર ૨૦૨૦માં ભારત આવ્યો હતો. અને હવે તે અહીથી ક્યાય જવા માંગતી નથી. તે જણાવે છે કે આખો પરિવાર મજૂરી કરે છે ત્યારે માંડ એક ટક ઘરમાં ચૂલો સળગે છે. સારા જીવન માટે અમે અહી આવ્યા હતા. હવે અહીઓથી પાછું બીજે જવું તે કોઈ નરકથી કમ નહીં રહે. ભારત સરકારને અપીલ કરે છે કે તેને અહીથી બીજે ક્યાય મોકલે નહીં, ભારત સરકાર પર અમને ભરોસો છે. '૧૨ ધોરણમાં અભ્યાસ કરતો પવન કુમાર જણાવે છે કે કેટલાક વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા છે. તેઓ ચિંતામાં છે કે સ્થળાંતર કરે કે પછી પરીક્ષાઓની તૈયારી કરે? ડીડીએની કાર્યવાહીના ડરથી લોકોએ બપોર સુધી દુકાનો અને ઠેલાઓ બંધ રાખ્યા હતા. આ પછી સાંજે કેટલીક દુકાનો ખોલવામાં આવી હતી. જેમાં લોકો રોજબરોજની વસ્તુઓની ખરીદી કરતા જોવા મળ્યા હતા. સામાન ખરીદવા દુકાન પર પહોંચેલી પૂજાએ કહ્યું કે તેને અહીંથી ક્યારે નીકળવું પડશે તે કોઈને ખબર નથી. આવી સ્થિતિમાં જો જમવાનું હશે તો રાત નીકળી જશે, 'આવા પણ દિવસો જોવા પડશે તેવો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો'

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો યાત્રાધામ અને પ્રવાસન સુવિધાને વેગ આપતો મહત્વપૂર્ણ નિર્ણય

## ધાર્મિક અને પ્રવાસન પ્રવૃત્તિઓ સહિત સર્વગ્રાહી વિકાસ માટે "દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ"ની રચના

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાચીન તીર્થક્ષેત્ર અને ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા, સુદર્શન સેતુથી વિશ્વપ્રસિદ્ધી પામેલા બેટ દ્વારકા અને બ્લુ ફ્લેગ બીચની આગવી ઓળખ ધરાવતા શિવરાજપુર સહિતના વિસ્તારોને પ્રવાસન અને સર્વગ્રાહી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ ડેવલપમેન્ટ માટે "દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ"ની રચના કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ઓખા અને દ્વારકાની નગરપાલિકાઓ ઉપરાંત આરંભડા, સુરજકરાડી, બેટ દ્વારકા સહિતના વિસ્તારો તેમજ શિવરાજપુર અને વરવાળા ગ્રામ પંચાયતોના વિસ્તારો મળીને કુલ ૧૦,૭૨૧ હેક્ટર વિસ્તાર માટે આ "દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ"ની રચનાને મંજૂરીની મહોર મારી છે. અરબી સમુદ્રના કિનારે અને ગોમતી નદીના કાંઠે વસેલું પ્રાચીન તીર્થ દ્વારકા હિન્દુધર્મમાં ચાર પવિત્રધામ માનું એક ધામ છે. દ્વારકાધીશ મંદિર ઉપરાંત શંકરાચાર્યના મઠ અને અનેક મંદિરો સાથેનું આ તીર્થક્ષેત્ર ધાર્મિક નગરીની ખ્યાતી ધરાવે છે. દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓ દ્વારકાધીશના દર્શન સાથે આસપાસના જોવાલાયક ઐતિહાસિક સ્થળોની મુલાકાતે આવતા રહે છે. એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં બેટ દ્વારકાને દ્વારકા સાથે જોડતા બે કિલોમીટરથી વધુની લંબાઈના સુદર્શન સેતુના લોકાર્પણથી વિશ્વભરના પ્રવાસીઓ માટે બેટ દ્વારકાની મુલાકાત પણ વધુ સુવિધાસભર બનાવી છે. આ બે ધર્મસ્થાનો સાથોસાથ અરબી સમુદ્રના કિનારે અને દ્વારકાથી નજીક આવેલો સફેદ રેતી-વાઈટ સેન્ડ અને નિસ્તેજ સાફ પાણી સાથેનો રાજ્યનો એક માત્ર 'બ્લુ ફ્લેગ બીચ' શિવરાજપુર પણ પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બધા જ સ્થાનોના પ્રવાસે આવનારા યાત્રાળુઓ, પર્યટકોને સલામત અને સુરક્ષિત વાતાવરણ સાથે સંતોષકારક અનુભવ મળે તેવા હોલિસ્ટિક એપ્રોચ સાથે આ સમગ્ર વિસ્તારમાં મૂળભૂત નાગરિક સુવિધાઓ તેમજ તેના યોગ્ય અને અસરકારક સંચાલનને પહોંચી વળવા યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને વેગવંતુ બનાવવા માટે "દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ"ની રચના કરી છે. આ સત્તામંડળના અધ્યક્ષ તરીકે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેક્ટર તથા સભ્ય તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવશ્રી, ચીફ ટાઉન પ્લાનર, દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી, રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ અને મેમ્બર સેક્રેટરી તરીકે દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક નિવાસી કલેકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્થાનિક સ્તરે ચૂંટાયેલા ૪ સભ્યો તથા જિલ્લા પંચાયતના પ્રમુખને પણ આ સત્તામંડળમાં સભ્ય તરીકે નિયુક્ત કરવાની જોગવાઈઓ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ આ "દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ"ની રચના દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અન્વયે વિકાસ યોજના-ડેવલપમેન્ટ પ્લાન પણ બનાવશે. એટલું જ નહીં, આવી વિકાસ યોજનાઓથી પ્લાનિંગ પણ થઈ શકશે અને આ વિસ્તારમાં રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, બાગ-બગીચા, ડ્રેનેજ જેવી વધુ આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડી શકાશે. મુખ્યમંત્રીશ્રીના આ અભિનવ નિર્ણયને પગલે આ સમગ્ર વિસ્તારમાં ધાર્મિક અને પ્રવાસન પ્રવૃત્તિઓ સાથોસાથ વાણિજ્ય એકમોને પ્રોત્સાહન મળશે, નવા રોકાણોની સંભાવનાઓ વધશે અને રોજગારીની નવી તકો તેમજ આર્થિક વિકાસના નવા માપદંડો નક્કી થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારતના સંકલ્પમાં ગુજરાત આ ઓથોરિટીની રચના દ્વારા ધાર્મિકતા સાથે આધુનિકતાના સુભગ સમન્વયથી વિકાસમાં આગવું સ્થાન ઊભું કરવા પણ સક્ષમ બનશે.

**સદગુરુની કૃપાની શીખને મસ્તકે ધારણ કરી પોતાના પ્રવાહને નિર્મળ બનાવીને સર્વ પરિસ્થિતિનો સ્વીકાર કરી આગળ ધપી રહી છે**

# શંભુ ચરણે પડી માંગુ ઘડી રે ઘડી દયા કરી દર્શન શિવ આપો! આ શિવરાત્રી એ રીતે શિવને આરાધિએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**મંદાકિનીના જળથી આત્મલીંગ નો અભિષેકના જળ જેટલું જ પવિત્ર બનાવવાની એક નિર્મળ કોશિશ પણ અભિષેક છે, અને આ દિવ્ય અનુભૂતિને નિત્ય ધ્યાનની ધરાએ સ્થિત કરવાની ચેષ્ટા**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.જીવન સરિતા દીકરીનાં જવાનાં વિશાદને ભૂલી સૌના સ્નેહથી પ્રફુલ્લિત થઈ વળી પાછી નિત્યની રફતારથી આગળ વધવા કોશિશ કરી રહી છે.શુભ મંગલ અને લોક મંગલ માટે સદગુરુની કૃપાની શીખને મસ્તકે ધારણ કરી પોતાના પ્રવાહને નિર્મળ બનાવીને સર્વ પરિસ્થિતિનો સ્વીકાર કરી આગળ ધપી રહી છે. ઝરણું હોય કે નદી તે ખુદની પવિત્રતા ભૂલી ન શકે. અને બંને સ્થિતિમાં તે બીજાના હિત માટે જ જીવે છે, અને લોક બોધનો અભિષેક કરી રહી છે. અસ્તિત્વના ઓટલે બીરાજમાન સ્થિત મહાદેવ આશુતોષનું શુદ્ધ જ્ઞાનના દૂધથી અભિષેક અને સમ બુદ્ધિના ચંદન વડે ત્રિપુંડ કરી, જીવ પંચાક્ષર સ્તોત્ર ગાન કરી રહ્યો છે, "મંદાકિની શલીલ ચંદન ચર્ચિતાય, નંદીશ્વર પ્રમથનાથ મહેશ્વરાય". મંદાકિનીના જળથી આત્મલીંગ નો અભિષેકના જળ જેટલું જ પવિત્ર બનાવવાની એક નિર્મળ કોશિશ પણ અભિષેક છે, અને આ દિવ્ય અનુભૂતિને નિત્ય ધ્યાનની ધરાએ સ્થિત કરવાની ચેષ્ટા. ધારણા જ્યારે અનુભૂતિ બને ત્યારે જ અધ્યાત્મ સમજાય. બાકી સદગુરૂની કૃપા અને સતત નામસ્મરણ તથા સ્વાધ્યાયનો એ આનંદ બીજા બધા જ અસંતોષને મીટાવનાર છે, અને જીવ શિવ ને ચરણે પડી ગાય છે.



**શંભુ ચરણે પડી માંગુ ઘડી રે ઘડી, દયા કરી દર્શન શિવ આપો, આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિને શિવ રૂપ દેખું.**

જીવ હોય કે સાધક જિજ્ઞાસાથી પરમને જોવા જાણવા અને માણવાની આ યાત્રા શરૂ કરે,યાત્રાના આ પ્રથમ પડાવ સમાન આત્મનિરીક્ષણનો ગાળો ખુબ જ મોટો અને મહત્વનો છે. અહીં જ તેને જીવમાંથી સાધક બનાવતાં તમામ પરિબળો પ્રાપ્ત થાય છે. એમાં પ્રજ્ઞા ચક્ષુ બને, ત્યારે બુદ્ધિમાં સ્થિરતા આવે. એટલે કે બુદ્ધિ સ્થિતપ્રજ્ઞ બને. વર્ષો પહેલા માઉન્ટ આબુમાં મા વિમલા તાઈની શીબીર ચાલુ હતી, અને અમારુ ત્યાં જવાનું થયું, તેનુંને સ્થિતપ્રજ્ઞ પરનુ એક પુસ્તક વાંચેલ, તત્વ ચિંતનમાં નાનપણથી જ રસ ધરાવતો જીવ હોય, તેની સાથે વાર્તાલાપની આ તક કેમ ચૂકાય. અને પોસ્ટકાર્ડથી એ જમાનામાં તેની સાથે સંવાદ પણ સાધેલો હતો. ઉંમર ઘણીજ નાની એટલે કે ૨૩, ૨૪ વર્ષ આસપાસ,તે પોતે પણ આશ્ચર્ય ચકિત થયા, તે વખતનું મારું રૂપને ઉંમર જોઈને. પણ આ પ્રકારની શિબિરો કરી લોકોમાં જાગૃતિ ફેલાવી તે તેનો મુખ્ય હેતુ હતો. એટલે સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા તેણે મને જે સમજાવી અને હું જે સમજી તે તમને એક ઉદાહરણ પરથી કહું. ઉદાહરણ તેણે મને આપ્યું નહોતું, પણ એ પણ એક જૂની વાત જ છે. નિશાળમાં ભણતા ત્યારે વાર્તા સ્પર્ધામાં આ વાર્તા કહી હતી. ત્રણ ઘોડેસવારો એટલે કે, સૈનિક, સેનાપતિ, અને પ્રધાનમંત્રી, ત્રણે રસ્તામાં છૂટા પડી જાય છે. રસ્તામાં એક વૃદ્ધ અને અંધ વ્યક્તિ બેઠા છે, દરેક જણ તેને પૂછી અને રસ્તે આગળ વધે છે. તેની વાણી પરથી પેલા અંધ વ્યક્તિ પોતાની પ્રજ્ઞાથી જે જવાબ આપે છે, તે ટૂંકમાં હું અહી રાખું છું. પ્રથમ ઘોડે સવાર એ રસ્તા પરથી પસાર થાય છે, અને પેલા વ્યક્તિને જોઈને તે સંબોધન કરે છે, એ આંધળા તે અહીંથી કોઈ વટેમાર્ગુને પસાર થયેલો જોયો? એટલે તે વ્યક્તિના પાડે છે, અને આવનાર વ્યક્તિ આગળ ચાલે છે.બીજો ઘોડે સવાર આવે છે અને તે આ વ્યક્તિને જોઈને પૂછે છે, એ સૂરદાસ તમે કોઈ વ્યક્તિને અહીંથી પસાર થયેલા અનુભવ્યા, અને તે વ્યક્તિ તેને કહે છે કે હા એક સૈનિક અહીંથી પસાર થયો હતો. ઠીક છે તેમ કહી આવનાર વ્યક્તિ આગળ વધે છે. હવે ત્રીજો ઘોડે સવાર અહી આવે છે, અને પૂછે છે હે "પ્રજ્ઞાચક્ષુ" તમે અહીથી કોઈ ઘોડે સવારને નીકળતા મહેસુસ કર્યા, અને તે વ્યક્તિ જવાબ આપે છે કે, હા પહેલા એક સૈનિક ઘોડે સવાર ગયો, અને તેની પાછળ એક સેનાપતિ, અને હવે પ્રધાનમંત્રી આપ મને આ પૂછી રહ્યા છો. હવે વાર્તા સૌને સમજાઈ ગઈ હશે કે, પેલા અંધ વ્યક્તિએ પોતાના પ્રજ્ઞાચક્ષુ દ્વારા આ જવાબ આપેલો, કારણ કે તેમને દ્રષ્ટિ તો હતી નહીં. ભાષા પરથી તેણે નક્કી કર્યું કે કોણ સૈનિક હશે, કોણ સેનાપતિ હશે, અને કોણ પ્રધાનમંત્રી હશે.પ્રજ્ઞાચક્ષુ એ આપણા સમાજમાં મોટે ભાગે અંધ માટે પ્રયોજવામાં આવતો શબ્દ છે. અને તેનો ઉપયોગ કરનાર પણ પોતાની સમજને બતાવે છે. સમજમાં સહજતા આવે તેવી બુદ્ધિને પણ સ્થિતપ્રજ્ઞ કહી શકાય. પણ અહીં આ ઉદાહરણ દઈને મા ની વાતની પૂર્તિ કરું છું કે, પ્રજ્ઞાના ચક્ષુથી અનુભવાયેલી દ્રષ્ટિમાં અને નજર થી જોવાયેલી દ્રષ્ટિમાં સાતત્ય આવે, એટલે કે બંને એક થાય તે સ્થિતિને સ્થિતપ્રજ્ઞ કક્ષા કહી શકાય. લખવામાં આ વાત બહુ જ સરળ છે, એટલે કે વ્યાખ્યા કરવી સહેલી બનતી હોય છે, પણ જીવનમાં આ કક્ષાનો મુકામ આવે તે પહેલાં ઘણાના તો જીવન પણ પૂરા થઈ જતા હોય છે. સ્થિતપ્રજ્ઞનો સૌથી મોટો ગુણ મૌન છે, અને મૌન એ ગજબની તાકાત કે શક્તિ પ્રદાન કરનાર છે. મૌન એટલે ફક્ત વાચા કે વાણીનું મૌન નહીં, પણ મન પણ જ્યારે વિચાર પણ ન કરે, એ સ્થિતિને મૌન કહેવામાં આવે છે. પણ એ કક્ષા સુધી પહોંચવા પહેલાં એકાંત અને વાણીના મૌનથી શરૂઆત થાય, અને તે પણ ગજબની શક્તિ આપે છે. સૌથી મોટો ફાયદો તો વિવાદ અટકે છે, અને સંવાદ વિશે વિચારવાની પૃષ્ઠ ભૂમિ ત્યાં જ તૈયાર થાય છે.

માફ કરજો આજનું ચિંતન સરળ કરવાની કોશિશ તો કરી છે, પણ થોડું અઘરું તો તોય રહ્યું જ. અને એટલે જ તેને સમજાવવા એક ઉદાહરણનો પણ સહારો લેવાયો છે. જીવ હોય કે સાધક જીવનમાં બાકીના ૨૩ કલાક માટે આ પ્રજ્ઞાની કક્ષા બહુ જ જરૂરી છે, પણ ત્યાં સુધી પહોંચવા પહેલા વિવેક બુદ્ધિ, બરકરાર રહે તો તે પણ સારી જ વાત છે. આ શિવરાત્રી એ આ રીતે શિવ ચરિત્રની મુલવણી કરી એને પરમ પવિત્ર ભાવથી ઉજવીએ અને શિવને બાહ્ય રુપે તો ભજીએ પણ આત્મલીંગનું સ્થાપન કરીને કલ્યાણ ના ભાવનું વર્ધન થાય એવું જીવન જીવી શિવને પૂજીએ. વસુધૈવ કુટુંબમાં શુભ મંગલની પ્રાર્થના અને, દરેકે દરેક પોતાના જીવનમાં આ સ્થિતપ્રજ્ઞ બુદ્ધિનુ મહત્વ સમજી, તેને સહેલાઈથી મેળવી શકે, એવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આખા વર્ષ દરમિયાન આવનારી ૧૨ શિવરાત્રી ઓમાંથી મહા વદ ચૌદસની શિવરાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે**

# મહાશિવરાત્રી મોક્ષકારી રાત્રી છે જેથી તેને નિર્ગુણ, નિરાકાર ઉપાસના રાત્રી પણ કહેવાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવાન શિવ, ભોળાનાથ એ દરેક વ્યકિતના પ્રિય ભગવાન છે. ભોળાનાથ એ એવા ભગવાન છે જે માત્ર અભિષેક દર્શન અને બિલ્વપત્ર થી જ રાજી થઈ જાય છે, શનિવારે સમગ્ર ભારતમાં મહાશિવરાત્રીની ઉજવણી થશે**

હર હર ભોલેના નાદથી શિવાલયોમાં અભિષેક આરાધનામાં શિવ ભક્તો તલ્લીન બનશે. આજે તા.૦૮/૦૩/૨૦૨૪ને શુક્રવારે મહાશિવરાત્રી. શિવ પૂજન થશે.થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ જે સમસ્ત ભરવાડ ગોપાલક સમાજની ગુરૂ ગાદીએ ગત વર્ષે ત્રણ હજાર એક ભરવાડ સમાજની કન્યાઓના સમૂહલગ્ન, ભાગવત કથા એમ સમૈયો પંચા મૃત મહોત્સવ યોજાયેલ. એક બિલવમ શિવાપર્ણમ બમ બમ ભોલેનો નાદ શિવાલયોમાં ગુંજી ઉઠશેઃ અભિષેક, લઘુરૂદ્ર, મહારૂદ્ર, જાપના ભવ્ય આયોજનો ભગવાન શિવ, ભોળાનાથ એ દરેક વ્યકિતના પ્રિય ભગવાન છે. ભોળાનાથ એ એવા ભગવાન છે જે માત્ર અભિષેક દર્શન અને બિલ્વપત્ર થી જ રાજી થઈ જાય છે. શનિવારે સમગ્ર ભારતમાં મહાશિવરાત્રીની ઉજવણી થશે. આ દિવસે ભગવાન શિવના ભકતો શિવાલયોમાં શિવશંકરની પુજા અર્ચના કરશે.શિવલીંગ પર અભિષેક અને બિલ્વ પત્ર ચઢાવશે અને ભાંગનો પ્રસાદ ગ્રહણ કરશે. શિવ અને જીવનું મિલન એટલે મહાશિવરાત્રી નો મહાયોગ માનવા માં આવે છે તો બીજી તરફ પ્રયાગ રાજનાં મહાકુંભ અને ભવનાથના મીની કુંભની સમાપ્તિ થશે. આ વર્ષે શિવરાત્રી શનિવાર હોવાથી વિશેષ મહત્વ ધરાવે છે. હિન્દુ પુરાણોમાં મહાશિવરાત્રી માટે કોઈ એક નહીં પણ અનેક કથાઓ છે. મહાશિવરાત્રી એ ભગવાન શિવ શિવલિંગરૂપે પ્રકટ થયા તેથી જ આ દિવસે શિવલીંગની ખાસ પુજા કરાય છે. શિવપુરાણ પ્રમાણે મહાશિવરાત્રી ના દિવસે શિવ ભકતો દ્વારા પુજા અર્ચના અને અભિષેક કરવામાં આવે છે. જોકે આખા વર્ષ દરમિયાન આવનારી ૧૨ શિવરાત્રી ઓમાંથી મહા વદ ચૌદસની શિવરાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે. મહાદેવજીના શ્રીનેત્ર સમાન બ્રહ્મા વિષ્ણુ મહેશ સમાન મહાદેવને અર્પણ કરાય છે. બિલીપત્ર અર્પણ કરવાથી ધનની પ્રાપ્તી થાય છે. આર્થિક સુખાકારીમાં વધારો થાય છે અને ઘરમાં શુભ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. બિલ્વપત્ર ચઢાવવાથી વાજે તૈય યજ્ઞ એટલે હજારો યજ્ઞ કર્યાનું પુણ્ય મળે છે. બિલ્વપત્ર ત્રણ, પાંચ સાતનીસંખ્યા માં આવે છે. પાંચ અને સાતની સંખ્યામાં મળેતો ચઢાવી અભિષેક કરી તેની દરરોજ પુજા કરવાની દરદ્રિતા આવતી નથી. બિલ્વના દર્શન કરવાથી જીવનના પાપો નષ્ટ થાય છે. બિલ્વપત્રનું ફળ બિલુ લક્ષ્મીદાયક છે. ઘરમાં બિલાનું ફળ રાખવુ શુભ છે. અન્ન સમાન નહીં સૌરાષ્ટ્ર 'ઓમ' સમાન નહીં જાપ શિવ સમાનનહીં દાતાર ભગવાન ભોળાનાથની આરાધના,સાધના કરવાથીસઘળા પાપ, તાપ, સંતાપ,આધી વ્યાધી, ઉપાધિ દુર થાય છે. ભગવાન શંકર શક્તિના મહાપૂંજ છે માટે જ ભગવાન ભોલેનાથની પુજા, અર્ચના, આરાધના કરવાથી અંગ-અંગમાં અંજળ આભા ઉભરે છે. જીવન મંગલમય બને છે. ભગવાન મહાદેવ મૃત્યુંજયી છે અતઃ દરેક પ્રકારના અકસ્માત તથા અકાળ મૃત્યુનો ભય મહા મૃત્યુંજય જાપ ત્ર્યંબક્મ યજામહે સુગંધિ પુષ્ટી વર્ધનમથી ટળે છે. ભગવાન શંભુ સૌભાગ્ય દાતા છે. મા પાર્વતી ઈચ્છિત વર દાતા છે તેમનું નિત્ય પુજન અર્ચન કરવાથી મનના મનોરથો પૂર્ણ થાય છે. આ ભોળા ભંડારીને ભાવથી ભજે એ તુરંત રીઝે.

આ અઘૌડ દાની, આશુતોષ ને પ્રસન્ન કરવાનો પર્વ એટલે મહાશિવરાત્રી. મહાશિવરાત્રીએ વાસ્તવમાં રૂદ્રો ત્સવ છે અને જન્મથી મૃત્યુ સુધી નો આ ઉત્સવ કહેવાય છે. આ દિવસે પશુપતિનાથે તાંડવ નૃત્ય કર્યું હતું માટે તેને પ્રલયકારી એટલે મોક્ષરાત્રી પણ કહેવાય છે. મહાશિવરાત્રી મોક્ષકારી રાત્રી છે જેથી તેને નિર્ગુણ, નિરાકાર ઉપાસના રાત્રી પણ કહેવાય છે. જયારે શિવનો સામાન્ય અર્થ થાય કલ્યાણ કરનાર, સદા સૌનુ કલ્યાણ કરે તે શિવ શિવનો અન્ય અર્થ થાય 'શ' એટલે નિત્યસુખ 'ઈ' એટલે પુરૂષ અને 'વ' એટલે શક્તિ આ ત્રણેય નો ત્રિવેણી સંગમ એટલે શિવ. મહત્વનું છે કે સમગ્ર ભારતમાં બાર જયોતિલિંગ છે અને આ બાર જયોર્તિલિંગ તેની આગવી વિશેષતા ઓ છે. કાશી વિશ્વનાથ જયોતિલિંગ એવી માન્યતા છે કે સંસારમાં પ્રલય આવશે તો પણ ભગવાન શિવનું આ સ્થાન અખંડિત રહેશે. સોમનાથ જયોર્તિલિંગ એ ભારતનું જ નહીં પરંતુ વિશ્વનું પ્રથમ જયોર્તિલિંગ છે.


શિવપુરાણ પ્રમાણે એવી માન્યતા છે કે ચંદ્રમા એ આ સ્થાન પર જ તપ કરી શ્રાપથી મુકિત મેળવી હતી. મલ્લિકાર્જુનનું મહત્વ કૈલાશ પર્વત જેટલું છે. મહાકાલેશ્વર,જયોર્તિ લિંગ ઓમકારેશ્વર, ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, બૈધનાથ, નાગેશ્વર, રામેશ્વર, કૃષ્ણેશ્વર, કેદારનાથ જયોર્તિલિંગ સાથે ભગવાન શિવ નો મહિમા જોડાયેલો છે. જીવ અને શિવને જોડતી આ મહાશિવ રાત્રીએ દરેક શિવાલયોમાં શિવનો અભિષેક, રૂદ્રાભિષેક, મહારૂદ્ર, લઘુ રૂદ્રનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. ભગવાન ભોળેનાથને રીઝવવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. શિવરાત્રીના ચાર પ્રહરની વિગત આપણા હિન્દુ પંચાંગ પ્રમાણે સુર્યોદયથી દિવસ ની શરૂઆત થાય તથા વારની શરૂ આત પણ ત્યારથી જ થાય છે. આમ સુર્યોદયથી બીજા દિવસના સુર્યોદય સુધીની ૨૪ કલાકમાં ૮ પ્રહર આવે તેમાં દિવસના ચાર પ્રહર અને રાત્રીના ચાર પ્રહર શિવરાત્રીના દિવસે રાત્રીના ચાર પ્રહરની પુજાનું મહત્વ વધારે છે. જે દિવસ આથમ્યાથી શરૂ થાય છે. પ્રથમ પ્રહર સાંજે ૬:૫૦ થી ૯:૫૪ કલાક સુધી, બીજો પ્રહર રાત્રી ૯:૫૪ થી ૧૨:૫૯ કલાક સુધી, ત્રીજો પ્રહર રાત્રે ૧૨:૫૯ થી ૪:૦૨ કલાક સુધી, ચોથો પ્રહર રાત્રે ૪:૦૨ થી ૭:૦૬ કલાક સુધી નિશિથકાળ રાત્રે ૧૨:૩૪ થી ૧:૨૨ શિવરાત્રીમાં ચાર પ્રહરની પુજા કરવામાં આવે છે.મહા શિવ રાત્રીના દિવસે આઠ પ્રહરની પૂજા માં મુખ્ય રાત્રીના ચાર પ્રહરની પૂજા મહત્વની ગણાય છે. રાત્રીના ચાર પ્રહરની પૂજા(૧)પહેલા પ્રહર મહાદેવજી ઉપર જળધારા કરી અને ચંદન, ચોખા કમળ,કરેણ ના પુષ્ય વડે પૂજા કરવી નૈવેદ્યમા સુખડી ધરાવવી (૨)બીજા પ્રહરની પૂજાઃ- મહાદેવ જીને જળ ચડાવી બીલીપત્ર અર્પણ કરવા તથા શ્રીફળ અર્પણ કરવું. (૩) ત્રીજા પ્રહરમાંઃ- મહાદેવજીને દુધ તથા જળ ચડાવી ઘઉં તથા આકડાના પુષ્પો અર્પણ કરવા તથા માલ પુવાનું નૈવેદ્ય ચૂરમાના લાડુ ધરવા..બિલિપત્ર અર્પણ કરવા.(૪) ચોથા પ્રહરેઃ- જળ ચડાવ્યા બાદ અડદ, મગ, સાત ધાન્ય ચડાવવા તથા બિલીપત્ર ચડાવવા દૂધના મિષ્ઠાનનું નૈવેદ્ય ધરાવું. શિવપૂજામાં ત્રણેય ભગવાનની પૂજા આવી જાય છે. શિવલિંગમાં મૂળમાં બ્રહ્મા મધ્ય વિષ્ણુ અને ઉપર સ્વયં શિવજી છે.આમ શિવ લિંગની પૂજા કરવાથી ત્રણેય ભગવાનની પૂજાનું ફળ મળે છે. અત્રાધ મહામાંગલ્યપ્રદે માસોતમે માસે અમુક માસે, અમુક પક્ષે, અમુક તિથી, અમુક વાસરે એવું ગ્રહણમ વિશિષ્ટાયાં શુભ પુણ્ય તિથી અને ભગવાન સામ્બ સદા શિવ પ્રીત્યાર્થે રૂદ્રાભિષેક મહંકરિષ્યે.



વર્ષ ૧૯૯૫માં 'બોબી દેઓલ સાથે ફિલ્મ બરસાતથી ડેબ્યૂ મળ્યું હતું

# ટ્વિંકલ ખન્નાને લાગ્યું કરિયર ડૂબવાનું છે તો હિટ હીરો 'અક્ષય કુમાર'ની સાથે પરણી ગઇ

ટ્વિંકલ ખન્ના પોતાના સમયના સુપરસ્ટાર રહેલા રાજેશ ખન્નાની દીકરી છે. ટ્વિંકલની માં ડિંપલ કાપડિયા પણ સુપરહિટ હિરોઈન રહી છે. ટ્વિંકલ ખન્નાએ પણ પોતાના માતા અને પિતાની જેમ સુપરસ્ટાર બનવાનું સપનું જોયું. પરંતુ કરિયરના થોડા જ વર્ષોમાં જ ટ્વિંકલ ખન્ના સુપરફ્લોપ થઈ ગઈ. ૨૯ ડિસેમ્બર ૧૯૭૩ના રોજ રાજેશ ખન્ના અને ડિંપલના ઘરે જન્મેલી ટ્વિંકલ ખન્નાનું હુલામણું નામ ટીના રાખવામાં આવ્યું હતું. ટ્વિંકલ ખન્ના સુપરસ્ટાર રાજેશ ખન્નાની દીકરી હતી તો તેનો ઉછેર ફિલ્મી માહોલમાં થયો. બાળપણથી જ ગ્લેમરની ઝાકઝમાળ વાળી દુનિયા જોનારી ટ્વિંકલ ખન્નાએ પણ પોતાની માની જેમ હિરોઈન બનવાનું સપનુ જોયું. પિતા સુપરસ્ટાર હતાં જો ફિલ્મી પ્રભાવ પણ વધારે હતો. ટ્વિંકલ ખન્નાને વર્ષ ૧૯૯૫માં 'બોબી દેઓલ સાથે ફિલ્મ બરસાતથી ડેબ્યૂ મળ્યું. ટ્વિંકલ ખન્નાની પહેલી જ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી. હિટ થયા બાદ ટ્વિંકલના કરિયરમાં ફિલ્મોની લાઈન લાગી ગઈ. બરસાત પછી ટ્વિંકલ ખન્નાએ 'જાન ફિલ્મ કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર હિટ રહી. પરંતુ તે બાદ ટ્વિંકલરની કિસ્મત બદલાઈ જવાની હતી. વર્ષ ૧૯૯૬માં જ ટ્વિંકલ ખન્નાની ફિલ્મ 'દિલ તેરા દિવાના' (ઢ્ઢેંૈંૈી ઢીીુટ્ઠહટ્ઠ) બોક્સ ઓફિસ પર ઉંધા માથે પટકાઈ. તે બાદ ટ્વિંકલે ફ્લોપ ફિલ્મોની લાઈન લગાવી દીધી. 'ઉફ્ફ મેરી મોહબ્બત', 'ઈતિહાસ', 'ઝુલ્મી' અને 'બાદશાહ' જેવી ફિલ્મો સુપરફ્લોપ રહી. વર્ષ ૧૯૯૮ આવી ગયું હતું પરંતુ ટ્વિંકલની ફિલ્મો



ફ્લોપ થવાનું બંધ ન થઈ. ટ્વિંકલ ખન્નાએ 'આમિર ખાન' સાથે ફિલ્મ 'મેલા' સાઈન કરી. આ દરમિયાન ટ્વિંકલ ખન્નાને બોલિવૂડના હીટ હિરો 'અક્ષય કુમાર' સાથે પ્રેમ થઈ ગયો. બંને રિલેશનશિપમાં આવ્યાં. ટ્વિંકલે એક નિર્ણય લીધો કે જો મેલા હિટ થશે તો કરિયર આગળ વધશે. પરંતુ જો ફ્લોપ થઈ તો અક્ષય કુમાર સાથે લગ્ન કરી લેશે. વર્ષ ૨૦૦૦ આવ્યું અને મેલા ફિલ્મ રિલીઝ થઈ. ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરફ્લોપ રહી. તે બાદ ટ્વિંકલ ખન્ના પર પણ સુપરફ્લોપ હિરોઈનનો ટેગ લાગી ગયો. તે બાદ ટ્વિંકલ ખન્નાએ બોલિવૂડની ગ્લેમરસ દુનિયાને હંમેશા માટે અલવિદા કહી દીધું. ટ્વિંકલ ખન્નાએ ૧૭ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ અક્ષય કુમાર સાથે લગ્ન કરી લીધાં.

આરાધ્યા બચ્ચન | ટ્રાન્સફોર્મેશન જોઈને યુઝર્સ અનુમાન લગાવી રહ્યા છે

# આરાધ્યાની સરખામણી ઐશ્વર્યાના ૯૦ના લુક સાથે, શું આરાધ્યા બચ્ચને કરાવી છે પ્લાસ્ટિક સર્જરી?

તાજેતરમાં જામનગરમાં આયોજિત અનંત અંબાણીના પ્રી-વેડિંગ ફંક્શનમાં ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી. બોલિવૂડ હોય કે હોલિવૂડ સ્ટાર્સ હોય પરંતુ જેણે તમામ લાઈમલાઈટ મેળવી લીધી તે ઐશ્વર્યા રાય બચ્ચનની પુત્રી આરાધ્યા બચ્ચન હતી. હંમેશા મેકઅપ વગર જોવા મળતી આરાધ્યાએ આ વખતે પોતાના લુકથી લોકોને ચોંકાવી દીધા હતા. જ્યારે માત્ર ૧૨ વર્ષ અને ૩ મહિનાની આરાધ્યા બેબી પિંક લહેંગામાં માતા ઐશ્વર્યા સાથે ઈવેન્ટમાં પહોંચી ત્યારે બધાની નજર આરાધ્યા પર જ અટકી ગઈ.

આરાધ્યા લાઈટ મેકઅપ સાથે નવી હેરસ્ટાઈલમાં ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. આરાધ્યા પણ પહેલા કરતાં ઘણી મોટી દેખાતી હતી. આવી સ્થિતિમાં નેટીઝન્સ શા માટે કોમેન્ટ્સ કરવાથી પાછળ રહેશે? ઘણા લોકોએ કમેન્ટ કરીને કહ્યું કે, આરાધ્યા ખૂબ જ ઝડપથી મોટી થઈ ગઈ છે. એક યુઝરે લખ્યું કે, તે 10Gની સ્પીડથી વધી રહી છે. કેટલાક લોકોએ આરાધ્યાની



## આરાધ્યા લાઇટ મેકઅપ સાથે નવી હેરસ્ટાઇલમાં ખૂબ જ ગ્લેમરસ લાગી

સરખામણી ઐશ્વર્યાના ૯૦ના લુક સાથે કરી હતી. કેટલાક લોકો એવા હતા કે જેઓ આરાધ્યાને જોયા પછી કોમેન્ટ કરવા લાગ્યા કે, ઐશ્વર્યાની દીકરીએ પ્લાસ્ટિક સર્જરી કરાવી છે. લોકો માને છે કે આરાધ્યાને નાક અને હોઠની પ્લાસ્ટિક સર્જરી કરાવી છે. લોકોએ તો ત્યાં સુધી લખ્યું છે કે, આરાધ્યાએ સ્કિન વ્હાઈટનિંગ પણ કરાવી છે. આરાધ્યા માત્ર ૧૨ વર્ષની છે, તેથી એવું લાગતું નથી કે તેણે કોઈ સર્જરીનો આશરો લીધો હોય. એવું લાગે છે કે આ બદલાયેલી હેરસ્ટાઈલ અને મેકઅપને કારણે જ તે આટલી સુંદર દેખાય રહી છે. મુકેશ અંબાણી અને નીતા અંબાણીના પુત્ર અનંત અંબાણીનું પ્રી-વેડિંગ ફંક્શન ગુજરાતના જામનગરમાં ત્રણ દિવસ ચાલ્યું હતું. આ ફંક્શનમાં સ્ટાર સિંગર રિહાના, માર્ક ઝુકરબર્ગ જેવી ઘણી મોટી હસ્તીઓ પણ આવી હતી.

સલમાન ખાને ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટરના નામને આપી મંજૂરી?

# સલમાનનો ફેમસ કોન્ટ્રોવર્શિયલ શો બિગ બોસ ૧૮નો પહેલો કન્ટેસ્ટન્ટ ફાઈનલ થયો!

સલમાન ખાનના ફેમસ કોન્ટ્રોવર્શિયલ શો બિગ બોસ ૧૭ના અંત પછી, તેની અપકમિંગ સિઝન એટલે કે બિગ બોસ ૧૮ વિશે ઘણી ચર્ચા છે. દર્શકો બિગ બોસ ૧૮ની શરૂઆતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આવામાં શોને લઈને દરરોજ નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. સીઝન ૧૮ને લઈને અત્યાર સુધી ઘણા નામોની ચર્ચા થઈ રહી છે. હાલમાં ફેન્સની નજર બિગ બોસ ૧૮માં સામેલ થનારા કન્ટેસ્ટેન્ટના લિસ્ટ પર ટકેલી છે. આવામાં સલમાનના શોમાં ભાગ લેવા માટે એક નામ સામે આવી રહ્યું છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ ફેમસ છે. તમને જણાવી દઈએ કે તે કોણ છે? સલમાન ખાનના શો બિગ બોસ ૧૮ માટે એક નામ સામે આવી રહ્યું છે. બિગ બોસ ૧૮ માટે ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર પૂજા શર્મા રેખાનો સંપર્ક કરવામાં આવ્યો નથી. પૂજા એક ટ્રાન્સજેન્ડર છે, જે સોશિયલ મીડિયા પર ઘણી ફેમસ છે. તાજેતરમાં જ્યારે પૂજાને પૂછવામાં આવ્યું કે શું તેણે બિગ બોસ ૧૮ માટે સંપર્ક કરવામાં આવ્યો છે કે નહીં. તેના પર તેણે કહ્યું કે, 'સમય આવશે ત્યારે લોકોને ખબર પડશે.' પૂજાના આ જવાબ પછી લોકોને એવા સંકેત મળી રહ્યા છે કે તે

## બિગ બોસ ૧૮ માટે ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર પૂજા શર્મા રેખાનો સંપર્ક કરવામાં આવ્યો નથી



સલમાન ખાનના શો માટે સાઈન અપ કરી શકે છે. પરંતુ આને લઈને હજુ સુધી કોઈ ઓફિશિયલ જાણકારી સામે આવી નથી. પૂજા શર્મા રેખા એક ટ્રાન્સજેન્ડર છે અને તે સોશિયલ મીડિયા પર ઘણી ફેમસ છે. સોશિયલ પ્લેટફોર્મ પર પૂજાની સારી ફેન ફોલોઈંગ છે. તમને જણાવી દઈએ કે પૂજા શર્માની વાર્તા મુંબઈની લોકલ ટ્રેનમાં ડાન્સથી શરૂ થાય છે. પૂજા લોકલ ટ્રેનમાં જતી અને ડાન્સ કરતી. તેનો લુક અને ડ્રેસિંગ સેન્સ એકદમ રેખા સાથે મળતો આવે છે. ઘણીવાર લોકો રેખા કહીને તેની પ્રશંસા કરે છે. પૂજા હોય, લોકલ ટ્રેન હોય કે અન્ય કોઈ જગ્યા, તે લોકો પાસેથી માત્ર એક રૂપિયો લે છે અને લોકોને ઘણા આશીર્વાદ આપે છે. સ્ટાર્સ પણ પૂજાના ફેન છે. પૂજાની તસવીરો ઘણા ટીવી સ્ટાર્સ અને બોલિવુડ સ્ટાર્સ સાથે આવતી રહે છે.

આલિયા ભટ્ટ | એક્ટ્રેસની ફિટનેસ જોઇને લોકો વખાણ કરી રહ્યા છે

# વર્કફ્રેન્ટની વાત કરીએ તો આલિયા ભટ્ટ વર્ષ ૨૦૨૪માં ફિલ્મ જિગરામાં જોવા મળશે

## પતિ રણબીર કપૂરની સાથે એકદમ ખુશ જોવા મળી, પેપરાઝી પણ સુપર એક્ટિવ થયા

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની પોપ્યુલર આલિયા ભટ્ટ જે જગ્યાએ જાય છે ત્યાં લોકોને ફિદા કરી દે છે. આલિયા ભટ્ટ મંગળવારના રોજ એક સ્ટોરી લોન્ચિંગ પર પહોંચી હતી. આલિયા ભટ્ટને જોઈને પેપરાઝીએ કેમેરામાં કેદ કરી લીધી. આ લેટેસ્ટ તસવીરો હાલમાં વાયરલ થઈ રહી છે. આલિયા ભટ્ટની આ તસવીરોમાં એક્ટ્રેસ એકદમ ક્યૂટ લાગી રહી છે. આલિયા ભટ્ટનો આ લુક જોઈને પેપરાઝી પણ સુપર એક્ટિવ થઈ ગયા. આ સમયે આલિયા એકથી એક મસ્ત પોઝ આપ્યા હતા.

આ પોઝ જોઈને તમે પણ ફિદા થઈ જશો. એક્ટ્રેસની આ તસવીરો વાયરલ થઈ રહી છે. આ તસવીરો ફેન્સને ખૂબ પસંદ પડી રહી છે. આલિયા ભટ્ટને લઈને અનેક લોકોએ કોમેન્ટ્સ કરી છે. જેમાં એક યુઝર્સે કોમેન્ટ કરી છે કે ભારતીની બેસ્ટ એક્ટ્રેસ. આલિયા ભટ્ટનો આ લુક જોઈને પેપરાઝી પણ સુપર એક્ટિવ થઈ ગયા, આ સમયે આલિયા એકથી એક મસ્ત પોઝ આપ્યા હતા આ સાથે બીજા એક વ્યક્તિએ કેટલી ખૂબસુરત આલિયા દેખાઈ રહી છે. આ તસવીરો



જોઈને યુઝર્સ આલિયા ભટ્ટના વખાણ કરી રહ્યા છે. જો કે અનેક લોકોએ કોમેન્ટ્સમાં દિપીકાની કોપી કરે છે એમ પણ જણાવ્યું છે. એક યુઝર્સે લખ્યુ છે કે ફરી દિપીકાની કોપી કરી છે.

ઉલ્લેખનીય છે કે તમે ઘણી વાર દિપીકાને પણ આ ટાઈપના લુકમાં જોઈ હશે. આલિયા ભટ્ટના ડ્રેસિંગની વાત કરીએ તો એને બ્લેક કલરનું પેન્ટસૂટ પહેર્યુ હતુ. આ ડ્રેસમાં એક્ટ્રેસ કંઈક અલગ જ અંદાજમાં જોવા મળી હતી. આલિયાનું આ ડ્રેસિંગ તમને એક જ નજરે જોતા ગમી જશે. આલિયા ભટ્ટની પર્સનલ લાઈફની વાત કરીએ તો પતિ રણબીર કપૂરની સાથે એકદમ ખુશ જોવા મળી રહી છે. આલિયાને એક દીકરી રાહા પણ છે. આલિયાના વર્કફ્રેન્ટની વાત કરીએ તો વર્ષ ૨૦૨૪માં ફિલ્મ જિગરામાં જોવા મળશે. આ સિવાય આલિયા ભટ્ટની પાઈપલાઈનમાં અનેક ફિલ્મો છે. આમ વાત કરવામાં આલિયાની રાહા સુપર ક્યૂટ છે. લાઈક મોમ એન્ડ લાઈક ડોટર એમ કહીએ તો પણ એમાં કંઈ ખોટુ નથી. મોમ અને ડોટર બન્ને સુપર ક્યૂટ છે.




પિતાના દુઃખ હોવા છતાં કે ભાગ્ય તેની ચામડીના રંગ દ્વારા નક્કી કરાય છે

# તેરા ક્યા હોગા લવલી મૂવી રિલીઝ

તેરા ક્યા હોગા લવલી' એક કોમેડી ડ્રામા ફિલ્મ છે. આ ફિલ્મ ૮ માર્ચ ૨૦૨૪ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મમાં રણદીપ હુડા અને ઈલિયાના ડીક્રુઝ લીડ રોલમાં છે. બલવિંદર સિંહ જંજુઆએ આ ફિલ્મનું નિર્દેશન કર્યુ છે. આ ફિલ્મનું ટ્રેલર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રીલિઝ થયું હતું. આ ફિલ્મ ભારતમાં ગોરી ત્વચાના જુસ્સા પર આધારિત છે. ઈલિયાના ડીક્રુઝે ૨૦૨૧માં આવેલી ફિલ્મ 'ધ બિગ બુલ' બાદ આ ફિલ્મથી કમબેક કર્યુ છે. "તેરા ક્યા હોગા લવલી" એ હરિયાણાના ગ્રામીણ વિસ્તારોમાં આધારિત કોમેડી ફિલ્મ છે, જે પરિવારના સભ્યો, મિત્રો, પ્રેમીઓ અને પોલીસ અધિકારીઓ સહિત વિવિધ પાત્રો વચ્ચેની ગતિશીલતા, સંબંધો અને વિચિત્રતાના આનંદી ચિત્રણ માટે જાણીતી છે. તેણી જાય છે. આ ફિલ્મ પ્રેક્ષકોને કોમિક ભૂલોની શ્રેણી દ્વારા પ્રવાસ પર લઈ જાય છે, જે અંતરિયાળ વિસ્તારોમાં જીવનના વિચિત્ર અને રમૂજી પાસાઓની ઝલક આપે છે. ટ્રેલર ઘણા સંભવિત સ્યુટર્સ બતાવે છે, જેઓ વૈવાહિક વેબસાઈટ્સ પર તેના ઉચિત રંગના ચિત્રણ દ્વારા છેતરપિંડી અનુભવે છે, જ્યારે તેઓ તેના સાચા દેખાવની શોધ કરે છે ત્યારે તેણીને નકારી કાઢે છે.

# દ્રશ્યમનો પણ બાપ નીકળી સાઉથની પાંચ થ્રિલર ફિલ્મ

સાઉથ સિનેમાની ઘણી ફિલ્મો ખૂબ જ શાનદાર છે. પરંતુ હિન્દી ભાષી દર્શકો તેનાથી વધારે પરિચિત નથી. અમે જે ફિલ્મોની વાત કરી રહ્યાં છીએ, તેની સ્ટોરીનું સસ્પેન્સ-થ્રિલર 'દ્રશ્યમ' અને 'ભૂલભૂલૈયા' જેવી ફિલ્મોને ટક્કર આપે છે. જો તમે રહસ્ય-રોમાંચથી ભરપૂર ફિલ્મો જોવા માગતા હોય તો આ ફિલ્મો તમારે ચોક્કસ જોવી જોઈએ, જે અલગ-અલગ ઓટીટી પ્લેટફોર્મ્સ પર છે. આ ક્રાઈમ થ્રિલર ૨૦૧૬માં રિલીઝ થઈ હતી, જેમાં રહેમાનનો લીડ રોલ છે. ફિલ્મને દર્શકો અને ક્રિટિક્સે ખૂબ જ વખાણી હતી. ફિલ્મની સ્ટોરી એક મર્ડર મિસ્ટ્રીની આસપાસ ફરે છે, જેની તપાસની જવાબદારી ઈન્સપેક્ટર દીપકને મળે છે. ફિલ્મ તમે પ્રાઈમ વીડિયો પર જોઈ શકો છો. ફિલ્મની સ્ટોરી એક લેખકની પત્નીની આસપાસ ફરે છે. જેને વારંવાર ખરાબ સપના આવે છે. મહિલાના જીવનમાં ઘટનારી અલૌકિક ઘટનાઓનો સંબંધ તેના પતિના પૂર્વ જન્મ સાથે હોય છે. તમે 'રંગીતરંગા'ને એમએક્સ પ્લેયર પર જોઈ શકો છો. સાઉથની સસ્પેન્સ થ્રિલરમાં જેકી શ્રોફે પણ કામ કર્યુ છે. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે એક પોલીસવાળો મર્ડર મિસ્ટ્રી સોલ્વ કરવાનો પ્રયાસ કરે છે.

જેની પાછળ એક સીરિયલ કિલરનો હાથ લાગે છે, પરંતુ જ્યારે હકીકત સામે આવે છે ત્યારે દર્શકોના રૂંવાટા ઉભા થઈ જાય છે. આ ફિલ્મ હોટસ્ટાર પર જોઈ શકાશે. આક માધવન અને વિજય સેતુપતિ સ્ટારર ફિલ્મની ગયા વર્ષે હિન્દી રિમેક બનાવવામાં આવી હતી. જો કે ઋતિક રોશન-સૈફ અલી ખાન સ્ટારર રિમેક બોક્સ ઓફિસ પર આશા અનુસાર, પરફોર્મ ન કરી શકી. મૂળ ફિલ્મ તમે એમએક્સ પ્લેયર પર જોઈ શકો છો. ફિલ્મની સ્ટોરી દર્શકોને ખૂબ જ પસંદ આવી. જેને તમે પ્રાઈમ વીડિયો પર જોઈ શકો છો. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે, ફોરેન્સિક એક્સપર્ટ પોતાની ક્ષમતાઓનો ઉપયોગ કરીને કેવી રીતે ક્રિમીનલને પકડાવે છે.

# સંજય દત્ત અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા-૨માં 'પ્રભાવશાળી પાત્ર' ભજવશે?

પુષ્પા ૨ ખૂબ જ અપેક્ષિત ફિલ્મો છે. અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકામાં છે, ચાહકો તેને મોટા પડદા પર પાછા જોવાની રાહ જોઈ રહ્યા છે. શું આ સુપરસ્ટાર સાથે ફિલ્મને બોલિવૂડ તડકા મળશે? પુષ્પા ૨ માટે કોણ ઉત્સાહિત નથી? અલ્લુ અર્જુન સ્ટારર પુષ્પા - ધ રાઈઝનો પહેલો હપ્તો ૨૦૨૧માં રિલીઝ થયો હતો. ત્યારથી ચાહકો પુષ્પા ૨: ધ રૂલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પહેલા ભાગમાં, અમે અલ્લુ અર્જુન દ્વારા ભજવવામાં આવેલી પુષ્પાને એસપી ભંવર સિંહ સાથે યુદ્ધ માટે બોલાવતી જોઈ હતી, જે ફહદ ફાસિલ દ્વારા ભજવવામાં આવી હતી. બીજા હપ્તામાં, ચાહકો બંને વચ્ચે જોરદાર ટક્કર જોવા માટે આતુર છે. ફિલ્મની આસપાસ ઘણી અપેક્ષાઓ છે અને તમામ અપડેટ્સ તેમાં વધારો કરી રહ્યા છે. એક તાજેતરનો અહેવાલ સૂચવે છે કે પુષ્પા ૨ માં બોલિવૂડનો ટોચનો સ્ટાર કેમિયો કરશે. અમે સંજય દત્ત વિશે લઈ રહ્યા છીએ. સંજય દત્ત હવે દક્ષિણમાં પણ લોકપ્રિય નામ બની ગયો છે. અભિનેતાએ દ્રયહ્ર ૨ માં ખલનાયકની ભૂમિકા ભજવી હતી અને તેના શક્તિશાળી અભિનયથી ચાહકોને સંપૂર્ણ રીતે પ્રભાવિત કર્યા હતા. તે વાઈકિંગ સ્ટાઈલનો વિલન હતો અને તે પાત્રની ત્વચામાં સારી રીતે પ્રવેશવામાં સફળ રહ્યો હતો. તેણે તમિલ ફિલ્મ લીઓમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી જેમાં થાલાપથી વિજય મુખ્ય ભૂમિકામાં હતા. જો કોઈ તેની ફિલ્મોગ્રાફી પર નજર નાખે તો સંજય દત્ત પાસે દક્ષિણ ફિલ્મના મોટા પ્રોજેક્ટ્સ છે.

# એડવાન્સ બુકિંગમાં અજય દેવગનની શૈતાન ફિલ્મએ કરી છપ્પરફાડ કમાણી

## શૈતાનનું એડવાન્સ બુકિંગ ૪ ફેબ્રુઆરથી શરૂ થયુ, ફિલ્મને ખૂબ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે

બોલિવૂડ એક્ટર અજય દેવગનની 'શૈતાન' ફિલ્મ હાલમાં ચારેબાજુ ચર્ચામાં છે. આ મુવીનું ટ્રેલર દમદાર છે જે જોઈને રૂંવાડા ઉભા થઈ જાય. શૈતાન ફિલ્મમાં અજય દેવગનની સાથે આર માધવન પણ જોવા મળશે. આ સુપરનેચરલ થ્રિલર ફિલ્મ જલદી સિનેમાઘરોમાં રિલીઝ થઈ જશે. પરંતુ 'શૈતાન'નું એડવાન્સ બુકિંગ ૪ ફેબ્રુઆરથી શરૂ થઈ ગયુ છે, જેમાં ફિલ્મને ખૂબ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. તો જાણો એડવાન્સ બુકિંગમાં ફિલ્મએ કેટલી કમાણી કરી છે. હોરર ફિલ્મ 'શૈતાન'ને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. ફિલ્મનું એડવાન્સ બુકિંગ ધમાકેદાર રીતે થઈ રહ્યુ છે. 'શૈતાન' મુવીના એડવાન્સ બુકિંગની વાત કરીએ તો બે દિવસ પહેલાંથી શરૂઆત થઈ છે. પહેલાં દિવસે ફિલ્મએ લગભગ ૧૬ હજારની આસપાસ ફિલ્મની ટિકિટ વેચાઈ હતી, જ્યારે આ મુવીએ ૩૯.૮૩ લાખનો બિઝનેસ કર્યો હતો. સૈકનિક.કોમના રિપોર્ટ્સ અનુસારબે દિવસની અંદર અજય દેવગનની સુપરનેચરલ હોરર ફિલ્મએ ૩૫ હજારથી વધારે ટિકિટ વેચાઈ હતી. એટલે કે ફિલ્મએ એડવાન્સ બુકિંગમાં લગભગ ૮૩.૭૪ લાખનું કલેક્શન કરી લીધુ છે. જો કે આ નંબર સતત વધી રહ્યા છે અને તારીખ નજીક આવી રહી છે. શૈતાન જિયો સ્ટૂડિયોઝ, અજય દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટૂડિયોઝ ઈન્ટરનેશનલની પ્રસ્તુતિ છે અને આ દેવગન, જ્યોતિ દેશપાંડે,




કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક દ્વારા નિર્મિત છે. આ ૮ માર્ચના રોજ રિલીઝ થશે. અજય દેવગનની આ વર્ષે બેક ટુ બેક અનેક ફિલ્મો રિલીઝ થશે. આ દિવસોમાં સિંઘમ અગેનના પ્રોડક્શનમાં વ્યસ્ત છે જેનું નિર્દેશન રોહિત શેટ્ટી કરી રહ્યા છે. સિંઘમ એક ફેમસ ફ્રેન્ચાઈઝ છે જેના અત્યાર સુધીમાં બે પાર્ટ બનીને રિલીઝ થઈ ગયા છે. બન્ને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. આ સિવાય અજય દેવગનની પાસે મૈદાન, ઔરોં મેં કહાં દમ થા, રેડ ૨, સન ઓફ સરદાર ૨, ધમાલ ૪ જેવી ફિલ્મો છે.

# એક થા ટાઈગર માટે સલમાન ખાન અને કેટરિના કૈફ કમ્ફર્ટેબલ ન હતા

કબીર ખાને એક થા ટાઈગરમાં સલમાન ખાન અને કેટરિના કૈફને એકસાથે કાસ્ટ કરવાની ચિંતા કેવી રીતે કરી હતી તે અંગે કબીર ખાને બીન્સ ફેલાવી હતી કારણ કે તેઓ થોડા દિવસો પહેલા તૂટી ગયા હતા. મુકેશ છાબરાએ માટે પોડકાસ્ટ કર્યું છે જ્યાં તેઓ એવા ફિલ્મ નિર્માતાઓને લાવ્યા છે જેમના માટે તેમણે ફિલ્મોમાં ભૂમિકા ભજવી છે. કબીર ખાન પ્રથમ મહેમાનોમાંના એક છે. તેણે કહ્યું કે તે કેટરિના કૈફને સલમાન ખાન તરીકે ઝોયા તરીકે કાસ્ટ કરવા અંગે ચિંતિત હતો અને તેણી ૨૦૦૯ માં તૂટી ગઈ હતી. એવું લાગે છે કે તેમની વચ્ચે વસ્તુઓ ખૂબ આરામદાયક નહોતી. બંને આજ સુધી સારા મિત્રો હોવા છતાં, તે સમયગાળો ભૂતપૂર્વ દંપતી માટે મુશ્કેલ હતો. એક થા ટાઈગર કેટરિના કૈફ અને સલમાન ખાન માટે સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક છે. અમે વાર્તાઓ સાંભળી છે કે કેવી રીતે સલમાન ખાન અને તેણીએ ફિલ્મના સેટ પર જોરદાર ઝઘડો કર્યો હતો. એવું લાગે છે કે ત્યાં એક પોશાક હતો જે સુપરસ્ટારને લાગ્યું કે તેમાં સામેલ નર્તકોની સંખ્યાને જોતાં તે ખૂબ યોગ્ય નથી. કથિત રીતે કેટરીના કૈફ ગુસ્સામાં ફિલ્મના સેટ પરથી જતી રહી હતી. આજ સુધી બંને કલાકારો ખૂબ જ નજીક છે. ઠીક છે, મુકેશ છાબરાએ કેટલીક ખૂબ મોટી ફિલ્મો માટે કાસ્ટ કર્યા છે તે જોતાં, અમે કેટલાક આશ્ચર્યજનક ઘટસ્ફોટની અપેક્ષા રાખી શકીએ છીએ.

# દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકના વાંસદા નેશનલ પાર્ક-નવતાડ, ખાતે કાર્યરત કરાયેલા 'વન્યજીવ રેસ્ક્યુ સેન્ટર' નો પરિચય



। (માહિતી) સુરત, તા.૭ ।

ગુજરાતમા વર્ષોથી વન્યપ્રાણીઓનું સંવર્ધન અને સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે. રાજયમાં વન્યપ્રાણીઓ જેવા કે સિંહ, દિપડા, કાળીયાર, ચિત્તલ અને ચોશિંગા વિગેરેનું જતન અને સંવર્ધન વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવામાં આવે છે. હાલમાં જ વન્ય પ્રાણીઓની વસ્તીનો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં ખાસ્સો એવો વધારો જોવા મળ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં માંસાહારી પ્રાણીની ઉચ્ચ શ્રેણીની વન્યપ્રાણી પ્રજાતિમાં દિપડાઓ ખાસ કરીને જોવા મળે છે. હાલમાં તેમની સંખ્યામાં વધારો પણ નોંધાયો છે. દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવી રહ્યું છે. દિપડાઓની સંખ્યામાં વધારો થવાથી માનવજાત સાથે ઘર્ષણના બનાવો પણ ક્યારેક બને છે. જેના કારણે માનવ અને દિપડાને પણ ઈજા થાય છે. ક્યારેક આવા વન્ય પ્રાણી કુવામાં પડી જાય, રસ્તામાં અકસ્માત થાય, ત્યારે ઘાયલ થતા હોય છે. આવા વન્ય જીવો માનવવસ્તીમાં આવી ચડે ત્યારે તેને બચાવની કામગીરી પણ વન વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી કરવામાં આવે છે.

દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકના વાંસદા નેશનલ પાર્ક-નવતાડ ખાતે રાજય સરકાર દ્વારા મંજુર કરાયેલા મેટીગેશન પ્લાન મુજબ વન્ય પ્રાણીઓને ત્વરીત સારવાર મળી રહે તે હેતુથી 'વન્યજીવ ટ્રીટમેન્ટ સેન્ટર' કાર્યરત કરાયું છે. દક્ષિણ ગુજરાતમાં વન વિસ્તાર વધારે પ્રમાણમાં છે. અહીંના વિભાગ હેઠળનો વન વિસ્તાર પણ મોટો છે. જેમાં વન્ય પ્રાણી પણ વધારે જોવા મળે છે, અને જયારે તેમને કોઈ અકસ્માત નડે અથવા માનવ ઘર્ષણ થાય, કે અન્ય રીતે ઈજા થયેથી તાત્કાલિક રેસ્ક્યુ કરવામા, અને તાત્કાલિક સારવાર આપવામાં આ સેન્ટર મદદરૂપ થશે. વન્ય પ્રાણીઓને યોગ્ય સારવાર આપ્યા બાદ સંપુર્ણ સ્વસ્થ થયેથી, તેમને ફરીવાર જંગલમાં મુક્ત કરવામાં આવશે. સાથે સાથે ભવિષ્યમાં સંપૂર્ણ આધુનિક સાધનો યુકત અને સંપૂર્ણ સુવિધાવાળુ કેમ્પસ તૈયાર કરી કાર્યરત કરવાની યોજના પણ વિચારાધિન છે જેમાં ફસ્ટ એઈડ કિટ, મોટો સ્ટોર રૂમ, સારવાર અંગેનોઅલયાદોરૂમરાખીવિવિધ પાંજરાઓની પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે. જેના કારણે વન્ય પ્રાણીને સંપુર્ણ સારવાર મળી રહેશે. આમ, વન્યપ્રાણીઓનું જતન થશે અને સાથે સાથે પર્યાવરણનું પણ જતન સંવર્ધન કરી શકાશે.

# કે.વિ.એસ. હાઇસ્કૂલ કડાણામાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

(પ્રતિનિધી)

। દિવડા કોલોની, તા.૭ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કે.વિ.એસ. હાઈસ્કૂલ કડાણા માં વર્ષ ના અંતે બોર્ડ ની પરીક્ષા નજીક આવેલ હોઈ આચાર્ય શ્રી ઈન્દ્રજીતસિંહ પુવાર તેમજ સ્ટાફમિત્રો તરફથી બાળમિત્રો ને વસમી વિદાય નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.જેમાં મંડળના પ્રમુખ શ્રી જયપ્રકાશભાઈ પંડ્યા તરફથી બાળમિત્રો ને પાઉચ, પેન, પેન્સિલ, ફૂટપટ્ટી, રાઈટીંગ બોર્ડનું શુભેચ્છા સહ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શ્રી ભરતભાઈ પંડ્યા, જયેન્દ્રભાઈ પાઠક, શ્રી મણીભાઈ ભોઈ,શ્રી વિર્સિંગભાઈ નિનામા, શ્રી શૈલેષભાઈ પંડ્યા તરફથી બાળકોને શુભેછા સહ આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.કુમકુમ તિલક કરી બાળકોને પરીક્ષાનો ડર દૂર કરી જ્વલંત સફળતા પ્રાપ્ત કરવા માટે કટિબદ્ધ કર્યા હતા. વિદ્યાર્થીઓએ પણ વિદાય ગીતો દ્વારા ગદ ગદ કંઠે સમગ્ર શિક્ષકો નો આભાર માન્યો હતો.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં વાર્ષિકોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઝાલોદમાં વાર્ષિકોત્સવ કાર્યક્રમનું આયોજન થયું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કોલેજ ગોધરા ના પ્રિન્સીપાલ ડૉ. મહેશ બી. પટેલ તથા અતિથિ વિશેષ તરીકે એસ. આર. રાવ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત બી.એડ. કોલેજના પ્રિન્સીપાલ લલિતાબેન ડામોર અને ટ્રસ્ટ ના ખજાનચી પ્રોફે. ડી. સી. યાદવ સાહેબ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના કાર્યકારી પ્રિન્સિપાલ એમ.એમ. પટેલ દ્વારા સર્વનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજમાં વર્ષ દરમિયાન કરેલ વિવિધ સ્પર્ધામાં વિજેતા જાહેર થયેલા વિદ્યાર્થીઓને ઈનામ અને પુરસ્કાર આપીને સમ્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. એ. આર. મોદી દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ બધા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# મંત્રી કનુભાઇ દેસાઇના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ



। (માહિતી) સુરત, તા.૭ ।

જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ નવસારી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે અંદાજીત રૂપિયા ૮૦૦ લાખના ૩૩૭ વિકાસ કામો મંજૂર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મંજૂર થયેલા કામોને ઝડપ થી હાથ ધરી નિયત સમયાવધિમાં પૂર્ણ કરવા જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની તાકીદ નવસારી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈઓ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યોજના અંતર્ગત ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે રજૂ કરવામાં આવેલ અંદાજીત રૂપિયા ૮૦૦ લાખના ૩૩૭ વિકાસ કામોના આયોજનને મંજૂર કરવામાં આવ્યું હતું. બેઠકને સંબોધતા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જિલ્લાના વિકાસકામોનું આયોજન હાથ ધરાય ત્યારે જિલ્લામાં પ્રજાલક્ષી જરૂરિયાતવાળા અગત્યના કામો મહત્તમ રીતે આવરી લેવાની સાથે સામૂહિક વિકાસનાં કામોને અગ્રતા અપાય તે જોવાની પણ તેમણે ખાસ હિમાયત કરી હતી.

# મહાશિવરાત્રીના મેળામાં પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીતાબેન રબારીએ ભક્તિસભર પ્રસ્તુતિઓ આપી જમાવટ કરી



। (માહિતી) જૂનાગઢ, તા.૭ ।

મહાશિવરાત્રીના મેળાના પ્રથમ દિવસે જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા આયોજિત સાંકૃતિક કાર્યક્રમમાં લોકગાયિકા ગીતાબેન રબારીએ ભક્તિસભર પ્રસ્તુતિઓ આપી જમાવટ કરી હતી. સાથે લોક સાહિત્યકાર શ્રી સાઈરામ ભાઈ દવેએ હાસ્યરસથી શ્રોતાઓને તરબોળ કર્યા હતાં. આ સાથે કલાકારોએ મંચ પરથી પ્લાસ્ટિક મુક્ત ગિરનાર-જૂનાગઢનો સંદેશ આપ્યો હતો.



આ પ્રસંગે પ્લાસ્ટિક મુક્ત ગીરનાર થીમ પર આયોજિત વોલ પેઈન્ટિંગ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોના નામ જાહેર કરવામાં આવ્યા હતા અને તેમને રોકડ પુરસ્કાર અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વોલ પેઈન્ટિંગ સ્પર્ધાના નિર્ણાયકોનું પણ મહાનુભાવોના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. મેયર શ્રીમતી ગીતાબેન પરમારે ભાવિકોને મહાશિવરાત્રીના મેળાનો પણ લ્હાવો લેવાની સાથે પ્લાસ્ટિક ગિરનાર-જૂનાગઢ મુહિમમા સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

# બારડોલીની ઉમરાખ કોલેજ ખાતે ધારાસભ્ય સંગીતાબેન પાટીલ ના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણી કરાઇ

## મહિલા અને બાળવિકાસ વિભાગની વિવિધ યોજનાઓમાં લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે લાભો અર્પણ કરાયા




। (માહિતી) સુરત, તા.૭ ।

બારડોલીનાઉમરાખકોલેજ ખાતે ધારાસભ્ય સંગીતાબેન પાટીલની અધ્યક્ષતામાં આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહિલા અને બાળવિકાસ વિભાગની વિવિધ યોજનાઓમાં લાભાર્થીઓને ધારાસભ્ય અને મહાનુભાવોના હસ્તે લાભો અર્પણ કરવામાં આવ્યા હતા. બારડોલીના ઉમરાખ ખાતે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી કાર્યક્રમમાં લિંબાયત ધારાસભ્ય સંગીતાબેન પાટીલે જણાવ્યું કે, દરેક ક્ષેત્રમાં મહિલાઓ આજે અગ્રેસર બની છે, રાજ્ય સરકાર દ્વારા મહિલાલક્ષી વિવિધ યોજનાઓ મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષિણક ઉત્થાન માટે અમલમાં મુકવામાં આવી છે. વધુમાં તેમણે સરકારની યોજનાઓ વિશે માહિતી આપતા જણાવ્યું કે, વહાલી દીક-રી યોજનામાં પ્રથમ ધોરણમાં ૪ હજારની સહાય, ધોરણ ૯માં ૬ હજારની સહાય અને જ્યારે દીકરી ૧૮ વર્ષની થાય ત્યારે લગ્ન માટે ૧ લાખની સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે. સરકારે મહિલાઓની સુરક્ષાની પણ ચિંતા કરીને ૧૮૧ અભયમ શરૂ કરી. બેટી બચાવો બેટી પઢાઓમાં દીકરીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ગંગા સ્વરૂપ બહેનોને દર મહિને ૧૨૫૦ની આર્થિક સહાય આપવામાં આવી રહી છે. બહેનોના આર્થિક ઉત્થાન માટે પીએમ સ્વનિધિ યોજનામાં ૧૦ હજારથી લઈ ૧ લાખ સુધીની લોન સહાય યોજનામાં મુકી છે એમ તેઓએ ઉમેર્યું હતુ. આ પ્રસંગે મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓના ઉત્થાન માટે ઘણી યોજનાઓ અમલમાં મુકી છે. સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા દીકરીઓ ૧૮ વર્ષની થાય ત્યાં સુધીનું આયોજન કરવામાં આવ્યું છે. ૮ માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત કોલેજની વિદ્યાર્થીનીઓને ગામની દરેક મહિલાઓને સરકારની મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપવા માટે આહવાન કર્યું હતું. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રોહિતભાઈ પટેલે સરકારની મહિલાલક્ષી કલ્યાણ યોજનાઓની સરાહના કરતા કહ્યું હતું કે, સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી મહિલા કલ્યાણલક્ષી યોજનાઓથી માત્ર ગુજરાત નહિ જ નહિ પણ સમગ્ર દેશની મહિલાઓ પુરુષ સમોવડી બની સમાજમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. વધુ વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો પોતાની જવાબદારી સમજી અન્ય બહેનોને પણ સરકારી યોજનાઓની જાણકારી આપી લાભ આપવામાં મદદ કરે એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. સ્વાગત પ્રવચન કરતા સુરત જિલ્લાના મહિલા અને બાળ વિકાસ અધિકારી બાબુભાઈ ગામીતે કાર્યક્રમની રૂપ રેખા આપી કાર્યક્રમનો આશય સ્પષ્ટ કર્યો હતો.

# કલર્સ સિનેપ્લેક્સ દ્વારા ઓએમજી ૨ના વૈશ્વિક ટેલિવિઝન પ્રસારણ સાથે અક્ષય કુમાર અને પંકજ ત્રિપાઠીનું તમારા ઘરમાં ભવ્ય પુનરાગમન

"તુમ ભી રખો વિશ્વાસ, ક્યૂં કિ તુમ હો શિવ કે દાસ", આ લીટીએ દેશભરમાં પકડ જમાવી રાખી છે. તો સિનેમાટિક ટ્રીટ માટે તૈયાર થઈ જાઓ, કારણ કે કલર્સ સિનેપ્લેક્સ ૧૦મી માર્ચ, રવિવારે રાત્રે ૮ વાગ્યાથી ઓએમજી ૨નુ વૈશ્વિક ટેલિવિઝન પ્રસારણ કરવા સુસજ્જ છે. તેના પ્રથમ ભાગને ભરપૂર સફળતા મળ્યા પછી ઓએમજી ૨માં હાસ્ય, ડ્રામા અને આંખ ઉઘાડનારા અવસરોનું સંમિશ્રણ છે, કારણ કે તે સામાજિક નિયમોને પડકારે છે અને આધ્યાત્મિકતા




વિશે મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પૂછે છે. અક્ષય કુમાર, પંકજ ત્રિપાઠી અને યામી ગૌતમના અભિનય સાથે તેનું દિગ્દર્શન અમિત રાયે કર્યું છે. ઓએમજી ૨ તમને વિચારવા અને મહેસૂસ કરવા પ્રેરિત કરીને તમારી પર કાયમી છાપ છોડીને રહેશે.

ઓએમજી ૨ કાંતિ શરણ મુદગલનો પ્રવાસ છે, જે ભૂમિકા પ્રતિભાશાળી પંકજ ત્રિપાઠીએ જબરદસ્ત ભજવી છે. ભગવાન શિવનો ભક્ત કાંતિ શરણ તેનો પુત્ર વિવેક ખોટી માહિતી અને સામાજિક દબાણનો ભોગ બને ત્યારે પડકારજનક સ્થિતિમાં પોતાને પામે છે. ફિલ્મ નાજુક રીતે શ્રદ્ધા, નૈતિકતા અને જાતીય શિક્ષણના મહત્ત્વમાં ડોકિયું કરાવે છે. આ વિચારપ્રેરક ડ્રામામાં માઠી સ્થિતિઓનો સામનો કરતો કાંતિ શરણ ઉત્તરો માટે ભગવાનને શરણે જાય છે, જે સમયે તેને પડકારજનક સામાજિક નિયમોના માર્ગનો ખોજ થાય છે. ઓએમજી ૨ હાસ્ય અને ડ્રામાના સંયોજન સાથે બહુ જ સુંદર રીતે બનાવવામાં આવી છે, જે મનોરંજન કરવા સાથે સમાજ સામે અરીસો પણ ધરે છે. વૈશ્વિક ટેલિવિઝન પ્રસારણ વિશે રોમાંચિક મુખ્ય અભિનેતા અક્ષય કુમાર કહે છે, "ઓએમજી ૨ તમારી લાક્ષણિક સિક્વલ નથી, પરંતુ એવી નક્કર વાર્તા છે, જે સાંભળવી જ જોઈએ. ભગવાન શિવનો સંદેશવાહક તરીકે મને સીમાઓની પાર જતી અને દર્શકો સાથે ઊંડાણથી જોડાણ કરતી વાર્તાનો હિસ્સો બનવા મળ્યું તે વિશેષાધિકાર લાગે છે. આ ફિલ્મ વાર્તાલાપ છેડે છે અને આત્મચિંતન કરવા પ્રેરિત કરે છે અને તેનો હિસ્સો બનવાનું ગૌરવજનક લાગે છે."

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથી ને ખુશ રાખવા માં સમર્થ હશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

## ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ વિશેષ

# ૧૮૧ અભયમ હેલ્પલાઇન, આ નંબર છે નિડરતાનો અને મહિલાઓની સુરક્ષાનો

## છેલ્લાં ૯ વર્ષમાં અંદાજે ૧૩.૯૯ લાખથી વધુ મહિલાઓને સેવા આપી ૧૮૧ અભયમ હેલ્પલાઇન ખરા અર્થમાં મહિલાઓ માટે સંકટ સમયની સાથી બની

ગુજરાત રાજ્યની વિશેષતા એ છે કે પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરી લોકોને સરળતાથી યોજનાઓનો લાભ પહોચાડી શકાય તેવા અનેક સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવ્યા છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે “મહિલા હેલ્પલાઈન” ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને GVK EMRI દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ ને આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજ્યવ્યાપી “૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન” શરૂ કરવામાં આવી છે.

રાજ્યની મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે સુદ્રઢ બનાવવા હંમેશા ચિંતિત અને પ્રયત્નશીલ રહેતી રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે “સેફ સિટી” પ્રોજેક્ટ હેઠળ રાજ્યના વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટા અને આર્થિક-કેપિટલ એવા અમદાવાદ શહેરમાં ખૂબ જ ઓછા સમયમાં રેસ્ક્યુવાનની



સેવા મળી રહે તે હેતુથી નવી કુલ-૧૨ અભયમ રેસ્ક્યુવાનને ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન હેઠળ ૫ માર્ચ ૨૦૨૩ના રોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવી છે. આમ, સમગ્ર દેશમાં ગુજરાત એ આગવી પહેલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે, જેમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન હેઠળ કુલ ૫૯ રેસ્ક્યુવાનનો કાફલો ૨૪૮૭ મહિલાઓની સલામતી અને સુરક્ષાની કામગીરીમાં કાર્યાન્વિત રહેશે.

શ્રીમતી ભાનુબેન બાબરીયા, માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગનાં વરદ હસ્તે સ્માર્ટ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પેપરલેસ સીએડી-CAD સિસ્ટમનું લોકાર્પણ ૦૬ માર્ચ ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું છે, જેના થકી સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના રિસ્પોન્સ સેન્ટ-રના અદ્યતન CAD સિસ્ટ-મના માળખા સાથે અભયમ રેસક્યું વાનને જોડીને પેપરલેસ સીએડી- CAD સિસ્ટમ સાથેની કાર્યપ્રણાલી સહિત ડિજિટલ દસ્તાવેજોની સાચવણી કરવાની ટેક્નોલૉજીસભર પહેલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે.

માત્ર ૦૯ વર્ષનાં ટુંકા સમય ગાળામાં જ ૧૩,૯૯,૭૬૧થી વધારે મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ, માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું છે અને ૧૮૧એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર જઈને ૨,૮૧,૭૬૭ જેટલા મહિલાને મદદ પૂરી પાડી છે. ૧,૭૭,૪૨૧ જેટલા કિસ્સામાં સ્થળ ઉપર જ સમાધાન કરી કેસનો નિકાલ કર્યો છે. ૮૬,૦૬૨ જેટલી મહિલાઓના ગંભીર પ્રકારના કિસ્સામાં ઘટના સ્થળ ઉપર જઈને રેસક્યું વાન દ્વારા રેસક્યું કરીને લાંબાગાળાના કાઉન્સિલિંગ માટે સરકારની અન્ય સંસ્થાઓ સુધી પહોચાડવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસના ચિફ ઓપરેટિંગ ઓફીસર શ્રીજશવંત પ્રજાપતિએ ગુજરાત ના ૬.૩ કરોડ ગુજરાતીઓને શુભકામના આપતા જણાવ્યું હતું કે, “૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ગુજરાત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં એક ખુબ મહત્વની સેવા તરીકે સાબિત થઈ છે. આ સેવાથી મહિલાઓને કટોકટીની પળોમાં તાત્કાલીક પ્રતિસાદ આપી મુંજવણ અને મુશ્કેલ પરિસ્થિતિમાં એક સ્વજનની જેમ સાથે રહી મહિલાને મદદ મળતી હોવાથી ગુજરાતની મહિલાઓમાં અનેરો વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો છે. આજના દિવસે તેઓશ્રીએ ગુજરાત સરકારનો આભાર માનવા સહ ગુજરાતમાં 24 X 7 કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમની સરાહના કરતાં જણાવ્યું કે સમગ્ર દેશમાં એક અભિનવ હેલ્પલાઈન તરીકે પ્રસ્થાપિત થઈ છે તેમજ મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણની દિશામાં ગુજરાતએ શ્રેષ્ઠ ગુણવત્તાનું ‘આદર્શ રાજ્ય’ બનવા પામેલ છે.” રાજ્યની મહિલાને મુશ્કેલીની સ્થિતિમાં ઝડપથી ત્વરિત મદદ મળી રહે તે માટે અધ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને સમગ્ર ભારતમાં પહેલી કહી શકાય તેવી ઈન્ટિગ્રેટેડ ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લિકેશન બનાવવામાં આવી છે.



અહેવાલ - ગોપાલ મહેતા, પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ

### ગુજરાતની મહિલાઓને અભય બનાવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનના ગુજરાતમાં સફળતાના ૯ વર્ષ પૂર્ણ

### ૧૮૧ હેલ્પલાઇનની વિશેષતા

મહિલાઓ સામે થતી ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને સલાહ-સુચનની કામગીરી હાથ ધરવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાને તાત્કાલિક સહાય આપી છે. ૧૦૮ની સેવા તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરી ૨૪ કલાક સેવાઓ આપતી હેલ્પ લાઈન કાર્યરત કરી છે. પીડિત મહિલાને ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ અને માર્ગદર્શન પૂરું પાડવું તેમજ મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓની પ્રાથમિક માહિતી પૂરી પાડવી.

### મહિલાઓ આ સેવા અંતર્ગત મુખ્યત્વે નીચે મુજબની સેવાઓ મેળવી શકે છે

ફોને ઉપર જરૂરી માહિતી, માર્ગદર્શન, કાઉન્સેલિંગ વી. ની માહિતી કોઈ મહિલા ઉપર કોઈ હિંસા થઈ રહી હોય તો તેને તાત્કાલિક તેમાંથી બચાવવા માટે રેસ્ક્યુની સેવા તેમજ જરૂરી માહિતીમાં સ્થાનિક સ્તરે ઉપલબ્ધ વિવિધ સરકારી સેવાઓ જેમ કે મહિલા પોલીસ સ્ટેશન, વન સ્ટોપ સેન્ટર, મફત કાનૂની સહાય સેવાઓ, કાઉન્સેલિંગ સેન્ટર, સ્વયંસેવી સંસ્થાઓ, મહિલા અને બાલ વિકાસ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, મહિલા આયોગ, નારી સંરક્ષણ ગૃહ વી. મહત્વના માળખાઓની સંપર્ક માહિતી તેમજ કોન્-ફરન્સ દ્વારા સીધુ જોડણ કરવામાં આવે છે.





### કયા કયા પ્રકારની હિંસા સામે મહિલાને મદદ મળી શકે ?

મહિલા સાથે થતી હિંસા (શારીરિક, જાતીય, માનસિક, આર્થિક, કાર્યના સ્થળે, પ્રજોત્પત્તિને લગતી બાબતો), શારીરિક તેમજ માનસિક આરોગ્યને લગતી સેવાઓ, લગ્ન જીવન તેમજ અન્ય સંબંધોના વિખવાદો, જાતીય તેમજ બાળ જન્મને લગતી બાબતો, કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી, માહિતી (કાર્યક્રમો, યોજનાઓ, સેવાઓ), આર્થિક ઉપાર્જન, વ્યવસાયને લગતા પ્રશ્નો.

---

### મહિલાઓને પજવતી સમસ્યાઓના સમાધાનનું સરનામું એટલે ‘મહિલા હેલ્પ ડેસ્ક’

### ત્રણ કિસ્સાઓના આધારે જાણીએ મહિલા હેલ્પ ડેસ્કની સમાજમાં ભૂમિકા અને મહત્ત્વ

# અમદાવાદ શહેરના તમામ પોલીસ મથકો ખાતે કાર્યરત ‘મહિલા હેલ્પ ડેસ્ક’ મહિલાઓ માટે બની રહ્યું છે નવજીવનનું નિમિત્ત




વિવેક, પ્રાદેશિક માહિતી કચેરી - અમદાવાદ






આત્મહત્યાનો પ્રયાસ, પારિવારિક ઝગડા, સંતાનો અને વાલીઓનો અણબનાવ સહિતની કોઈ પણ સમસ્યા લઈને જતી મહિલાઓ માટે સમાધાનનું સરનામુ સાબિત થઈ રહ્યા છે ‘મહિલા હેલ્પ ડેસ્ક’. રાજ્ય સરકારના પીપલ ફ્રેન્ડલી પોલીસિંગના ઉદ્દેશ્યને સાર્થક કરવા અને ખાસ કરીને સમાજમાં મહિલાઓની સલામતીને સુનિશ્ચિત કરવા માટે ‘મહિલા હેલ્પ ડેસ્ક’નો અભિગમ વિકસાવવામાં આવ્યો છે.

આ અભિગમ અંતર્ગત અમદાવાદ શહેરના તમામ પોલીસ મથકો ખાતે અલાયદા ‘મહિલા હેલ્પ ડેસ્ક’ કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યાં મહિલાઓના વ્યક્તિગત પ્રશ્નોથી માંડીને સામાજિક પ્રશ્નોનું સમાધાન મળે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**‘મહિલા હેલ્પ ડેસ્ક’ પર ઉપલબ્ધ સેવાઓ**

- તમામ પોલીસ સ્ટેશનમાં મહિલાઓ માટે એક અલાયદું સંપર્ક કેન્દ્ર જ્યાં પીડિત મહિલાઓ પોતાની વાત/ ફરિયાદ/રજૂઆત નિર્ભયતાથી અને વિના કોઈ સંકોચ, દબાણમુક્ત થઈને કરી શકે.
- મહિલા હેલ્પ ડેસ્કમાં પીડિત મહિલાઓને સમગ્ર પોલીસ પ્રક્રિયા અને કાયદાકીય અધિકારો અંગે માહિતી આપવામાં આવે છે.
- પોલીસ સિવાય અન્ય મહિલા સંબંધિત સહાય કેન્દ્રો જેમાં સખી વન સ્ટોપ સેન્ટર, મફત કાનૂની સેવા, નારી સંરક્ષણ ગૃહ વગેરે તથા બાલ વિકાસ કેન્દ્ર, મનોચિકિત્સક, ડોકટર વગેરે જેવી સેવાઓ અને જરૂરી માર્ગદર્શન
- આ સિવાય પીડિત મહિલાઓને ઉપયોગી થઈ શકે તેવી તમામ સરકારી/ બિન સરકારી સહાય યોજનાઓ અંગે જાણકારી આપવામાં આવે છે.

મહિલાઓને દૈનિક ધોરણે અનેક સમસ્યાઓ વેઠવી પડે છે. વ્યક્તિગત અને પારિવારિક પ્રશ્નો ઘણીવાર નાગચૂડની જેમ ઘેરી વળતા માર્ગદર્શનના અભાવે નાસીપાસ થઈને મહિલાઓ ન કરવાનું કરી બેસે છે. આવા સંજોગોમાં ‘મહિલા હેલ્પ ડેસ્ક’ નવજીવનનું નિમિત્ત બને છે. તાજેતરમાં હેલ્પ ડેસ્કના માધ્યમથી મહિલાઓના જીવન પરિવર્તનના કેટલાક કિસ્સા જાણીએ.

**કિસ્સો - ૧**

શહેરના નિકોલ વિસ્તારમાં રહેતી એક યુવતી આત્મહત્યા કરવા માટે રિવરફ્રન્ટ પહોંચી હતી, જેને સમજાવટ બાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં આવેલા મહિલા હેલ્પ ડેસ્ક ખાતે લાવી તેની સમસ્યાઓ વિશે પરામર્શન કરી તેના વાલીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સમજાવટના અંતે યુવતી હસીખુશીથી પોતાના ઘરે પરત ફરી હતી. આમ, આ યુવતીને મોતના મુખમાં જતી અટકાવી હેલ્પ ડેસ્કની ટીમે તેને નવું જીવન આપ્યું.

**કિસ્સો - ૨**

દરિયાપુર વિસ્તારના આંબેડકર વાસમાં રહેતી એક પ્રૌઢ મહિલાએ દરિયાપુર પોલીસ મથકમાં આવેલા હેલ્પ ડેસ્ક પર પોતાની વ્યથા વર્ણવતા રજૂઆત કરી હતી કે, તેમના પતિને કેન્સરની બીમારી છે અને તેમની યુવાન પુત્રી કહ્યામાં નથી. અનેક વખત રોકવા છતાં તે કોઈ યુવાન સાથે મોબાઈલ ફોન પર વાત કરે છે અને ઘરની બહાર વધુ સમય વિતાવે છે જેના કારણે ઘરકામ સહિત સામાજિક અને વ્યાવહારિક કાર્યોનો સંપૂર્ણ ભાર પ્રૌઢા પર રહે છે. મહિલા હેલ્પ ડેસ્ક દ્વારા સમજાવટના સઘન પ્રયાસોથી આ યુવતી ઘરે જરૂરી મદદ કરવા માટે સહમત થઈ અને આજે પરિવારમાં શાંતિ સ્થપાઈ છે.

**કિસ્સો - ૩**

આંબાવાડી વિસ્તારમાં રહેતા એક અરજદાર મહિલાએ પાસપોર્ટ કઢાવી આપવાના નામે બે આરોપીઓ દ્વારા મહેનતથી કમાયેલા રૂપિયા ચાઉં કરી છેતરપિંડી કરી હોવાની રજૂઆત યુનિવર્સિટી પોલીસ મથકમાં આવેલા મહિલા હેલ્પ ડેસ્કમાં કરી હતી. જેના આધારે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી. આ કિસ્સામાં મહિલાને ન્યાય અપાવવામાં હેલ્પ ડેસ્કની મહત્ત્વપૂર્ણ ભૂમિકા જોવા મળી છે.

ઉપરોક્ત ત્રણેય કિસ્સા જોતાં એક વાત ચોક્કસ સાબિત થાય છે કે, મહિલાઓના જીવનમાં આવતી કોઈ પણ પ્રકારની સમસ્યાનું સમાધાન અને માર્ગદર્શન ‘મહિલા હેલ્પ ડેસ્ક’ના માધ્યમથી મળી રહ્યું છે. દરરોજ આવી જ રીતે અનેક મહિલાઓને જીવન જીવવાની નવી દિશા મળવાથી તેઓ પણ ગૃહ વિભાગ તથા રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા આનંદ અનુભવતા હોય છે.

મહિલા પોલીસ મથકના ACP શ્રી હિમાલા જોશી જણાવે છે કે, પોલીસ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને કાયદો વ્યવસ્થા જાળવવાની સાથે મહિલાઓના કાઉન્સેલિંગ કરી તેમના જીવનમાં શાંતિ અને સરળતા સ્થાપિત કરવા મદદરૂપ બને છે. આ કામગીરી થકી આત્મસંતોષ મળતો હોવાની લાગણી તેઓએ વ્યક્ત કરી હતી.

---

# ગૃહ ઉદ્યોગો, લઘુ ઉદ્યોગ, દુકાનો અને નાના મોટા કામોની તાલીમ મેળવી પગભર બની છે તાપી જિલ્લાની અનેક મહિલાઓ

RSETI સંસ્થાન બરોડા અને મિશન મંગલમ યોજના બની માર્ગદર્શક - ૪૬૧૪ જેટલી મહિલાઓ સીવણ, પાપડ-અથાણા અને માસાલા પાવડર બનાવટ, બેંક મિત્ર, તોરણ બનાવટ, પશુપાલન અને જૈવિક ખાતર ઉત્પાદન, કમ્પ્યુટરાઈઝ એકાઉન્ટીંગ જેવા વિવિધ ક્ષેત્રે તાલીમ મેળવી સફળતા પુર્વક આજીવીકા મેળવી રહી છે - સંકલન- વૈશાલી પરમાર “સખી મંડળો મહિલા સશક્તિકરણની જીવાદોરી છે.”- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આ ઉક્તિ તાપી જિલ્લામાં સાર્થક થતી માલુમ પડે છે.

છેવાડાનો જિલ્લો કહેવાતા તાપી જિલ્લામાં આદિવાસી બહેનો સક્રિય સખીમંડળોના માધ્યમ થકી આત્મનિર્ભતાની મિશાલ બની છે. મહિલા સશક્તિકરણને વરેલી રાજ્ય સરકાર મહિલાઓને આત્મનિર્ભર કરવા અને-કવિધ યોજનાઓના માધ્યમથી વિકાસના ફળો છેવાડાની મહિલાઓ સુધી પહોચાડી રહી છે. આ કામગીરીમાં બહેનોમાં રહેલી વિવિધ આવડતને કૌશલ્યવર્ધન કરી આત્મનિર્ભર બનાવવાની દિશામાં કાર્યરત છે તાપી જિલ્લાની RSETI સંસ્થાન બરોડા અને મિશન મંગલમ યોજના. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત મિશન મંગલમ યોજના કાર્યરત છે જેમાં સખી મંડળની બહેનોને વિવિધ ગૃહ ઉદ્યોગો,લઘુ ઉદ્યોગ, બેકિંગ અકાઉન્ટીંગ, નાના મોટા કામો સફળતા પુર્વક શિખવી પરિવારને આર્થિક મદદરૂપ બનવા સક્ષમ



બનાવવામાં આવે છે. આવી અનેક પ્રગતિશિલ મહિલાઓ પૈકી એક છે નયનાબેન ગામીત, કરુણા ગામીત, અને યાહુંશુવા ગામીત. જેઓ બેંક મિત્ર તરીકે ગ્રાહક સેવા કેન્દ્ર વ્યારા ખાતે કામગીરી કરે છે. વ્યારા તાલુકાના તાડકુવા ગામની રહેવાસી નયનાબેન ગામીતે આ સંદર્ભે જણાવ્યું હતું કે, RSETI સંસ્થાન બરોડામાં ફક્ત ૬ દિવસની બેંક સખી/ બેંક મિત્રની તાલીમ લીધી હતી. હાલ અમે ત્રણે બહેનો બેંક ઓફ બરોડામાં બેંક સખી તરીકે જોડાયા છે. જેના થકી હુ દર મહિને ૧૧થી ૧૫ હજારની આવક મેળવું છું. જેના કારણે હું પરિવારનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ બની શકી છું. જેના માટે હું મિશન મંગલમ યોજના અને RSETI સંસ્થાન અને સરકારશ્રીની આભારી છું જેમણે મને નિઃ શુલ્ક તાલીમની સાથે જરૂરી માર્ગદર્શન આપ્યું છે.

વ્યારા ખાતે શ્રી લેડીસ ટેલર અને ક્લાસિસ ચલાવતા પારૂલ ચૌધરી ૩૦ દિવસની RSETI સંસ્થાનમાંથી તાલીમ મેળવી હતી. પારૂલબેને પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, RSETI સંસ્થાનમાંથી ૩૦ દિવસની વુમન્સ ટેલરીંગની તાલીમ મેળવી હતી. મારી સારી કામગીરી જોઈ મને RSETI સંસ્થાનમાં જ ટ્રેનર તરીકે ફરજ બજાવાનો મોકો મળ્યો. આ સાથે મારી પોતાની દુકાન છે જેમાં હુ સિવણ કામ સાથે અન્ય બહેનોને ટેલરીંગનું કામ શીખાવું છું. તાલીમ બાદ મશીનો લેવા માટે મે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત ૫૦ હજારની લોન લીધી હતી જેમાં મને ૪૦ ટકા સબસીડી મળી હતી. ટેલરીંગ કામ દ્વારા જ મે લોનની ભરપાઈ કરી છે. આમ મને આત્મનિર્ભર બનાવવામાં સરકારશ્રીના વિવિધ વિભાગોનો હાથ છે જેના માટે હું સરકારશ્રી અને મિશન મંગલમ, RSETI સંસ્થાન, ઉદ્યોગ કેન્દ્ર સૌની આભારી છું.

RSETI સંસ્થાન બરોડાના નિયામકશ્રી કિરણ સતપુતે આ બાબતે વધુ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, તાપી જિલ્લામાં Rsªiનું સેન્ટર વર્ષ ૨૦૧૦ થી શરૂ થયું હતું. અહીં વિના મૂલ્યે રહેવાની અને જમવાની સુવિધા સાથે કુલ ૬૪ પ્રકારની વિવિધ તાલીમો નિઃશુલ્ક આપવામાં આવે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ મિશન મંગલમ યોજનામાં જોડાયેલી બહેનોને પણ આ તમામ તાલીમોનો લાભ મળે છે. અમારી સંસ્થા થકી આજદિન સુધી કુલ ૭૨૮૦ મહિલાઓએ તાલીમ મેળવી છે. અને ૪૬૧૪ જેટલી મહિલાઓ સીવણ તાલીમ, પાપડ અથાણું અને માસાલા પાવડર બનાવટ, બેંક મિત્રની તાલીમ, તોરણ બનાવટ, પશુપાલન અને જૈવિક ખાતર ઉત્પાદન, કમ્પ્યુટરાઈઝ એકાઉન્ટીગ જેવા વિવિધ ક્ષેત્રે તાલીમ મેળવી આજીવીકા મેળવી રહી છે. અંતે તેમણે સમગ્ર તાપી જિલ્લાની જાહેર જનતાને અપીલ કરતા જણાવ્યું હતું કે, નાના મોટા ઉધોગો થકી પોતાને આર્થીક રીતે પગભર બનવા ઈચ્છતા તમામ તાપી જિલ્લાના ભાઈ-બહેનો Rsªi સેન્ટરમાં મળતી વિવિધ તાલીમોનો લાભ લે. મહિલાઓને સક્ષમ અને આત્મનિર્ભર બનાવવા માટે સરકારે અનેક યોજનાઓનો અસરકારક રીતે અમલ કર્યો છે. દેશ અને સમાજના વિકાસમાં નારીશક્તિની ભાગીદારી અમૂલ્ય છે ત્યારે તાપી જિલ્લામાં સરકાર દ્વારા કાર્યરત RSETI સંસ્થાન બરોડા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત મિશન મંગલમ યોજના મહિલાઓની પ્રતિભાના વિકાસની સાથે બહેનોને આગવી ઓળખ અપાવવામાં મહત્વ પુર્ણ પરિબળ સાબિત થઈ રહી છે. જેના થકી તાપી જિલ્લાની મહિલાઓ આત્મનિર્ભરતાની મિશાલ બની છે. આજે આંતરર-ાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે તાપી જિલ્લાને વિકાસની ધારામાં લઈ જતી તમામ આત્મનિર્ભર મહિલાઓને શત શત વંદન.

# ઝાલોદ નગરમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનો પ્રવેશ

## નગરમાં રોડ શો દરમ્યાન આંબેડકર અને સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ પર માલ્યાર્પણ કરવાનું ભૂલ્યા જનતામાં નારાજગી જોવાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ નગરમાં આજરોજ તારીખ ૦૭-૦૩-૨૦૨૪ ના રોજ સાંજના આસરે ૪:૩૦ કલાકે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીનો પ્રવેશ થયો હતો. રાહુલ ગાંધી ઝાલોદ નગરની ઘાવડીયા ચોકડી ખાતે થી આવતા ત્યાં આસરે ૨૦૦૦ બાઈક સવારોએ કોંગ્રેસના ઝંડા સાથે રાહુલ ગાંધીને આવકારવા આવેલ હતા.

રાહુલ ગાંધી હુઠી કંકાસીયા ચોકડી પર આવતા ચારે બાજુ થી ટ્રાફિક જામ થઈ ગયેલ જોવા મળેલ હતું. રાહુલ ગાંધી સભા સ્થળે આવતા રેલીમા આવેલ જાહેર જનતાએ તાળીઓના ગડગડાટ અને સૂત્રોચ્ચાર સાથે વધાવી લેવામાં આવેલ હતું. આજની આ સભામાં કોંગ્રેસના ગુજરાત, મધ્યપ્રદેશ,રાજસ્થાન તેમજ બીજા ઘણા વિસ્તારના આગેવાનો અને નેતાઓ હાજર રહેલ હતા. કોંગ્રેસના નેતાઓ સાથે આપ પાર્ટીના ગુજરાત



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પ્રદેશ લેવલના નેતા પણ હાજર રહેલ હતા. રાહુલ ગાંધીનું સ્વાગત આદીવાસી બંડી, તીર કામઠા, ભોંયરું તેમજ છબી આપી કોંગ્રેસના નેતાઓ દ્વારા કરવામાં આવેલ હતું. જાહેર સભા દરમ્યાન રાહુલ ગાંધીએ અદાણી, અંબાણી તેમજ ટોચના ઉદ્યોગપતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા તેમજ સાથે સાથે ભારતના આદીવાસી મહિલા રાષ્ટ્રપતિ કેમ હજુ સુધી અયોધ્યા ખાતે રામ મંદિરના દર્શન કરવા નથી ગયા તેમ પણ રેલીમાં કહેલ હતું. રેલીમાં પત્રકારો પર પણ કટાક્ષ મારતા કહ્યું કે આજના પત્રકારો પણ જાહેર મુદ્દાઓને લઈ કઈ બોલતી નથી કે બતાવતી નથી. રાહુલ ગાંધીએ આક્ષેપ કરતાં કહેલ હતું કે આદિવાસીઓ ને અન્યાય થઈ રહેલ છે જેની સત્તામાં માત્ર ૬% ભાગીદારી છે. દેશના ૭૩% લોકોના ખિસ્સા માથી રૂપિયા જઈ રહેલ છે અને આ રૂપિયા મુટ્ઠીભર ઉદ્યોગપતિઓના ખિસ્સામાં જઈ રહેલ છે. લાખો શિક્ષિત લોકોને રોજગાર નથી મળી રહેલ તેવા પણ આક્ષેપ કરેલ હતા.

રાહુલ ગાંધીનો રોડ શો નીકળતા ભારી અફડાતફડી સર્જાઈ હતી આ રેલી જોવા આવેલમા ધક્કામુક્કી સર્જાતા અમુક લોકો પડી પણ ગયેલ હતા. પોલીસ દ્વારા રોડ શો દરમ્યાન અને જાહેર વ્યવસ્થામાં પૂરતો બંદોબસ્ત ન હોવાથી આવું બનેલ હતું. મીડિયા અને પ્રેસ મોટા પ્રમાણમાં આવેલ હતી તેમને પોલીસ દ્વારા આઈ કાર્ડ ઈસ્યુ થયેલ ન હતા તેમજ જેમના પાસે હતા તેમને પણ પોલીસ દ્વારા અંદર પ્રવેશ કરવા દેવામાં આવેલ ન હતો. આમ પોલીસ દ્વારા રોડ શો તેમજ જાહેર સભા સ્થળે પૂરતું આયોજન ન હોય તેવું જોવા મળેલ હતું. રાહુલ ગાંધીનો રોડ શો સ્વર્ણિમ સર્કલ થી આંબેડકર ચોક, સરદાર ચોક થઈ મુવાડા ઝાલા વસૈયા ચોક થી લીમડી કંબોઈધામ જવ રવાના થઈ હતી. રસ્તામાં આવતી આંબેડકર અને સરદાર પટેલની પ્રતિમા પર માલ્યાર્પણ ન કરવામા આવતા નગરના અમુક લોકોમા રોષની લાગણી પણ જોવા મળી હતી. આ રેલી જવા મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ જોવા મળેલ હતું.

**ન્યૂઝ બ્રિફ**

### વાંસદા નેશનલ પાર્ક ખાતે વન્ય પ્રાણી સારવાર કેન્દ્રનું લોકાર્પણ કરાયું

। (એજન્સી) વાંસદા, તા.૭ ।

રાજ્ય મંત્રી મુકેશ પટેલના હસ્તે, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક ધારાસભ્ય વિજય પટેલની પ્રેરક ઉપસ્થિતમાં "વન્ય પ્રાણી સારવાર કેન્દ્ર"નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં વન્ય પ્રાણી સારવાર કેન્દ્રમા પ્રાણીઓ તેમજ પશુઓને રેસ્ક્યુ કરવા માટેના સાધનો ઉપલબ્ધ છે. દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકના વાંસદા નેશનલ પાર્ક ખાતે, વન અને પર્યાવરણ વિભાગ, ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય મંત્રી મુકેશ પટેલના હસ્તે, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક-વ-ડાંગના ધારાસભ્ય વિજય પટેલની પ્રેરક ઉપસ્થિતમાં "વન્ય પ્રાણી સારવાર કેન્દ્ર"નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રી મુકેશ પટેલે વાંસદા નેશનલ પાર્કમા પ્રથમવાર વન્ય પ્રાણી સારવાર કેન્દ્ર શરૂ થતા અહીં પ્રાણી અને પશુઓની સારવાર ઝડપથી થશે તેમ જણાવ્યું હતું. આ અગાઉ ઈજાગ્રસ્ત પ્રાણીઓને જૂનાગઢ અને પાવાગઢ રેસ્ક્યુ સેન્ટરમાં લઈ જવામાં આવતા હતા.

### તાપી નદીમાં કૂદવા જઈ રહેલી મહિલાને TRB જવાને બચાવી

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરત ખાતે રહેતી યુવતીને પ્રેમીએ દગો આપતા યુવતી હતાશ થઈ જતા તે અમરોલી બ્રિજ પરથી તાપી નદીમાં કૂદી આત્મહત્યાનો પ્રયાસ કરી રહી હતી. તે દરમ્યાન ટ્રાફિક બ્રિગ્રેડનાં જવાને યુવતીને બચાવી આ બાબતે તેનાં પિતાને જાણ કરી યુવતીને તેના પિતાને સોંપી હતી. યુવતીને પ્રેમી પ રણીત હોવાની જાણ થતા તે હતાશ થઈ આપઘાત કરવા નીકળી હતી. મહિલા નદીમાં કૂદે તે પહેલા જ ટ્રાફિક પોલીસ જવાન તેમજ રાહદારીની નજર તાપી બ્રિજની લોખંડની ગ્રીલ પર ચડીને નદીમાં કૂદવાનો પ્રયત્ન કરતી યુવતી પર પડતા આ બાબતે લોકોએ ટીઆરબી જવાનને જાણ કરી હતી. જે બાદ ટીઆરબી જવાન રાહુલ કૈલાશભાઈ દાયમાને રાહદારીઓ દ્વારા બુમો પાડી બોલાવ્યો હતો.

### ગોંડલમાં ૩૫ વર્ષના યુવાનને છરીના ઘા મારી હત્યા નિપજાવી

। (એજન્સી) ગોંડલ, તા.૭ ।

રાજકોટ શહેરમાં વધુ એક હત્યાવનો બનાવ સામે આવ્યો છે. જેમાં ગોંડલ રોડ ચોકડી પાછળ રિધ્ધી સિધ્ધીક સોસાયટીમાં રહેતાં ૩૫ વર્ષના યુવાનને રાતે તેના ઘર નજીક રિધ્ધી સિધ્ધીના નાલા પાસે ઢેબર રોડના ખુણે ઈંડાની લારી ખાતે નાસ્તો કરતો હતો ત્યારે ત્યા હાજર ગઢવી શખ્સે ઝઘડો કરી છરીથી હુમલો કરી પેટ, પડખા, વાંસાના ભાગે છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી. 'તમે બહુ ફાટી ગયા છો' તેમ કહી આરોપીના સમાજ વિશે અપમાનિત કરતા બોલાચાલી થઈ હતી અને વાત હત્યા સુધી પહોંચી ગઈ હતી. ગોંડલ રોડ ચોકડી રિધ્ધી સિધ્ધી સોસાયટીમાં રહેતાં સંજયભાઈ મહેશભાઈ મારડીયા (ઉ.વ.૩૫) નામના કેટરર્સના ધંધાથી યુવાન રાતે સવા નવેક વાગ્યે પોતાના ઘર નજીક રિધ્ધી. સિધ્ધીસ નાલા પાસે ઢેબર રોડના ખુણે નટરાજ દૂકાન સામે આવેલી ઈંડાની લારી ખાતે નાસ્તો કરવા ગયો હતો.

### પાકિસ્તાનના સપ્લાયર સાથે હતો સંપર્ક

# જામનગરના જોડીયાનો આખો પરિવાર ડ્રગ્સ સપ્લાયમાં ઝડપાયો

। (એજન્સી) જામનગર, તા.૭ ।

ગુજરાતનો એક એવો પરિવાર કે જે પાકિસ્તાનના ડ્રગ્સ સપ્લાયર સાથે સંપર્ક ધરાવે છે અને ગુજરાતમાં હેરોઈન સપ્લાયનો ધંધો કરી રહ્યું છે. આ પરિવારે ઓમાનથી ગુજરાતમાં હેરોઈન મગાવ્યું હતું અને બાદમાં તેને સપ્લાય પણ કર્યું હતું. ગુજરાત એટીએસ દ્વારા હેરોઈન સપ્લાયમાં સંડોવાયેલા ત્રણ લોકોની ધરપકડ કરી છે. ગુજરાત એટીએસએ આમ તો અત્યાર સુધી માહિતીના આધારે દરિયાઈ સીમામાંથી અનેક મોટા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. વધુ એક વખત એટીએસ દ્વારા હેરોઈન સપ્લાયના આરોપીઓ પકડી પાડવામાં આવ્યા છે. ગુજરાત એટીએસને માહિતી મળી હતી કે ગત વર્ષના સપ્ટેમ્બર મહિનામાં પાકિસ્તાનથી ઓમાનના દરિયા મારફતે વેરાવળ સુધી હેરોઈનનો જથ્થો આવેલો હતો અને જે દિલ્હી સુધી મોકલવામાં આવ્યો હતો.

જે માહિતીના આધારે એટીએસ દ્વારા તપાસ કરતા એક આખો પરિવાર હેરોઈનની હેરાફેરીમાં સંકળાયેલો હોવાનો ખુલાસો થયો હતો. આ માહિતીના આધારે એટીએસની ટીમે જામનગરના જોડીયા ખાતે રહેતા તાહિર ઈશા હુસેન,અરબાઝ ઈશા રાવ તેમજ રિઝવાન તૈયબની ધરપકડ કરી છે. સમગ્ર કેસમાં હજુ પણ છ લોકો ફરાર છે. જેમાં સાઉથ આફ્રિકા ફરાર થઈ ગયેલો ઈશા રાવ સમગ્ર ડ્રગ્સ માફિયાનો માસ્ટરમાઈન્ડ છે અને જેને પાકિસ્તાનના મૃતુજા નામના વ્યક્તિ પાસેથી ડ્રગ્સ મગાવી તેને દિલ્હી સુધી પહોંચાડાવ્યું હતું.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે હિરોઈન સપ્લાય કેસનો માસ્ટરમાઈન્ડ આરોપી ઈશા રાવ અગાઉ પણ ડ્રગ્સના ગુનામાં ફરાર છે અને તે પાકિસ્તાન માફિયાઓના સંપર્કમાં છે.

### ટેક્સ ચોરી માટે જાત-જાતના નુસખા અપનાવતી કંપનીઓ

# આઈટીએ રાજકોટની ઝૂંપડપટ્ટીમાં થી ટેક્સ ચોરીના પુરાવા મેળવ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

ટેક્સ ચોરી કરવા માટે કંપનીઓ જાત જાતના નુસ્ખા અજમાવતી હોય છે અને તેને પકડવા માટે ઈક્મટેક્સ વિભાગે નવી નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવો પડે છે. આઈટી વિભાગે ટેક્નોલોજીની મદદથી ૫૦૦ કરોડની ટેક્સ ચોરી પકડી પાડી છે અને તેનું પગેરું રાજકોટમાં ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારમાં આવેલા એક ઘર સુધી પહોંચ્યું છે. રાજકોટમાં લાડાણી જૂથ નામે એક રિયલ એસ્ટેટ કંપની દ્વારા ઈક્મટેક્સની ચોરી કરવામાં આવી છે અને તેનો બધો ડેટા એક એવી જગ્યાએ રાખવામાં આવ્યો હતો જેના વિશે કોઈને શંકા પણ ન જાય. આઈટી વિભાગે પોલીસની મદદથી લગભગ ૪૫૦ સીસીટીવી કેમેરા ચેક કર્યા અને પછી યુનિવર્સિટી રોડ પર પીજીવીસીએલની મેઈન ઓફસની પાછળ આવેલા ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારમાં અધિકારીઓ પહોંચી ગયા હતા. અહીં તેમણે એક રૂમમાં તપાસ કરી ત્યારે ઈક્મટેક્સ ચોરીના તમામ પૂરાવા મળ્યા હતા. કંપનીના બ્લેકમનીને સાચવવાનું તથા તેને હેન્ડલ કરવાનું કામ કંપનીના એકાઉન્ટન્ટ અંકિત શિરા અને રાજ સિસોદિયા દ્વારા કરવામાં આવતું હતું. કોઈને આ વાતના પૂરાવા ન મળે તે માટે એકદમ ભંગાર હાલતમાં હોય તેવી જગ્યા પસંદ કરવામાં આવી હતી. લાડાણી ગ્રૂપે જંગી ટેક્સ ચોરી કરી છે તેવી ચોક્કસ બાતમી મળ્યા પછી ઈક્મટેક્સ વિભાગે ૨૭ ફેબ્રુઆરીએ લાડાણી જૂથ અને તેના નિકટના લોકોના ૩૦ પરિસરો પર સર્ચ ઓપરેશન કર્યું હતું. જોકે, તેમને બ્લેકમની વિશે કોઈ ચોક્કસ પૂરાવા અથવા ડેટા મળ્યો ન હતો. ટ્રાન્ઝેક્શનનો બધો ડેટા લેપટોપમાં અને ફાઈલોમાં સ્ટોર કરવામાં આવ્યો હતો. ત્યાર પછી સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવતા જાણવા મળ્યું કે લાડાણીના કેટલાક વિશ્વાસુ લોકો પીજીવીસીએલની ઓફિસ પાછળ આવેલા એક ઝૂંપડી જેવા રૂમમાં જતા હતા અને પાંચ-દશ મિનિટમાં બહાર નીકળતા હતા. આ રૂમની તપાસ કરવામાં આવી તો ત્યાંથી લેપટોપ અને ફિજિકલ ફાઈલો મળી હતી.

### વડોદરા નજીક પોર જીઆઈડીસીની ઘટના

# હિન્દુસ્તાન ફાઈબર કલાસ ફેક્ટરીમાં ભીષણ આગથી લાખોનું નુકશાન

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરા નજીક આવેલી પોર જીઆઈડીસીમાં હિન્દુસ્તાન ફાઈબર કલાસ ફેક્ટરીમાં ગઈ મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી જેની જાણ વડોદરા ફાયર બ્રિગેડને થતા સ્થળ પર પહોંચી જઈ સતત બે કલાકની જહેમત બાદ આગ કાબુમાં લેવામાં સફળતા મળી હતી. નસીબ જોગે કોઈ જાનહાની થઈ નથી પરંતુ લાખો રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે. વડોદરા નજીક આવેલી પોર જીઆઈડીસીમાં હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસમાં કોઈ કારણસર અચાનક આગે દેખા દીધી હતી. કંપનીમાં પીઓપી ફાઈબરનું મટીરીયલ હોવાને કારણે આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ બનાવની જાણ વડોદરા ફાયર બ્રિગેડને કરવામાં આવતા તાત્કાલિક ત્રણ ફાયર ફાઈટર અને કર્મચારીઓની ટીમ લઈને મકરપુરા ફાયર બ્રિગેડના સ્ટેશન ઓફિસર નિકુંજ આઝાદ સ્થળ પર પહોંચી જઈ આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી.

# અમદાવાદની એસ. વી. કોલેજમાં પરીક્ષાર્થીઓએ હોબાળો કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદની એસ. વી. કોલેજમાં આજે સવારે પરીક્ષાર્થીઓએ હોબાળો કર્યો હતો. કોલેજના કર્મચારીઓ દ્વારા કોલેજનો મુખ્ય દરવાજો બંધ કરી દેતા પરીક્ષાર્થીઓ અટવાયા હતા. ઈન્ટરનલ પરીક્ષાનો સમય સવારે આઠ વાગ્યાનો હતો. જો કે વિદ્યાર્થીઓને થોડુક મોડુ થતા તેમને પ્રવેશ જ આપવામાં આવ્યો ન હતો. જેના કારણે વિદ્યાર્થીઓ મુંઝાયા હતા.

વારંવાર કોલેજ પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓ સામે ફી સહિતના મુદ્દે બળજબરી કરવામાં આવતી હોય તેના અનેક કિસ્સા સામે આવતા હોય છે, ત્યારે અમદાવાદમાં વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની એસ વી કોલેજ પણ એક કિસ્સાને લઈને વિવાદમાં આવી છે. કોલેજોમાં હાલ ઈન્ટરનલ પરીક્ષાઓ ચાલી રહી છે. આ ઈન્ટરનલ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓના આવવામાં ૫-૭ મિનિટના સમયમાં થોડુ મોડુ થતા કોલેજ પ્રશાસન દ્વારા કોલેજના મુખ્ય દરવાજા જ બંધ કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે વિદ્યાર્થીઓ કોલેજમાં પ્રવેશ મેળવી શક્યા નહીં. સામાન્ય રીતે પરીક્ષા શરુ થયાના ૧૦ મિનિટ સુધી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, પરંતુ આજે જીફ કોલેજ દ્વારા મુખ્ય દરવાજો બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓ અટવાયા હતા, પરિણામે વિદ્યાર્થીઓએ હોબાળો કર્યો હતો.

વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર કોલેજના પ્રિન્સિપાલ પણ ગેરહાજર હોવાના કારણે કોને રજૂઆત કરવી તે પણ એક સવાલ ઊભો થયો હતો. વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રહેવાનો વારો આવ્યો હતો.

### લોકસભાની ચૂંટણી પહેલાં આપને ગુજરાતમાં આંચકો

# આપના પ્રદેશ ઉપ પ્રમુખ નાથા ઓડેદરા સહિત ૧૫નાં રાજીનામા

। (એજન્સી) પોરબંદર, તા.૭ ।

લોકસભા ચૂંટણીને થોડાક મહિનાઓ બાકી છે, આ વચ્ચે અનેક નેતાઓના રાજીનામાં પડ્યા છે. હવે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપ પ્રમુખ નાથાભાઈ ઓડેદરા સહિત ૧૫ જેટલા સમર્થકો સાથે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે પાર્ટી ખોટી રીતે દબાણ કરતી હોવાનું કારણ દર્શાવ્યું છે. અહેવાલ અનુસાર, હવે તે કોંગ્રેસમાં જોડાય શકે છે. રાજીનામું આપવા અંગે નાથા ઓડેદરા જણાવ્યું હતું કે,'અમારી ગુંડા વિરોધી ઝુંબેશ ચાલી રહી છે. આવા તત્વો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ દાખલ કરીને જેલમાં નાખ્યા છે. ત્યારે એક વ્યક્તિને પાર્ટીમાંથી મે સસ્પેન્ડ કર્યો હતો. ત્યારે પાર્ટી તરફથી તેની સાથે સમાધાન કરાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. મે પાર્ટીને કહ્યું છે કે, કોઈપણ સંજોગોની અંદર ગુંડાગીરી સાથે આમ આદમી પાર્ટીનું કોઈ હશે તો અમારે પાર્ટી ભેગું નથી રહેવું.' પોરબંદર બેઠક પરથી પેટા ચૂંટણી લડવાને લઈને નાથા ઓડેદરાએ જણાવ્યું કે,'આખા ગુજરાતમાં ગઠબંધન કરવામાં આવ્યું છે. આપએ બે બેઠકના ઉમેદવાર જાહેર કર્યા છે. તો ગુજરાત પ્રદેશના ઉપ પ્રમુખ તરીકે મને પણ પૂછવું જોઈએ. પોરબંદરની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડવાની મારી તૈયારી હતી. તેથી મારી સાથે ૧૫ હોદ્દેદારોએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. હું કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ સાથે ચર્ચા કરીશ અને આગળની રણનીતિ નક્કી કરીશ. જો કોંગ્રેસ તરફથી પોરબંદર બેઠક પરથી મને પેટા ચૂંટણી લડાવશે તો ચૂંટણી લડીશ.'

### ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના હેઠળ મંજૂરી હુકમ અને કન્યાદાન કિટનું વિતરણ કરવામાં આવ્યું

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'મહિલાઓમાં રોકાણ કરો, પ્રગતિને વેગ આપો' થીમ આધારિત મહિલા દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૭ ।

૮મી માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલાઓને માન-સન્માન આપવા, મહિલાઓની શક્તિને ઉજાગર કરવા, તેઓની ક્ષમતાને ઉત્સાહિત તેમજ પ્રેરિત કરવા દર વર્ષે અલગ અલગ થીમ નિયત કરી સમગ્ર વિશ્વમાં તેની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ જિલ્લામાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આયોજિત 'મહિલાઓમાં રોકાણ કરો, પ્રગતિને વેગ આપો' થીમ આધારિત મહિલા દિનની ઉજવણી નિમિત્તે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ધારાસભ્ય સુશ્રી દર્શનાબહેન વાઘેલા અને કોર્પોરેટર(કાઉન્સેલર) શ્રીમતી અનસૂયાબહેન પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના મેઘાણીનગર, અસારવાની ગુજરાતી શાળા નં. ૨ ખાતે કાર્યક્રમનું આયોજન



કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વ્હાલી દીકરી યોજના અંતર્ગત દીકરી વધામણાં કિટ અને વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યા હતા. ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના અંતર્ગત કન્યાદાન કિટ અને મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું.







# અમદાવાદમાં ફરી એકવાર દારુની હેરાફેરી થતી ઝડપાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતમાં દારુ ઘુસાડવાના અવનવા કિમીયા બુટલેગરો શોધતા જ રહે છે.આવો જ એક નવો કિમીયો અજમાવીને દારુની હેરાફેરી કરવાનો પર્દાફાશ પોલીસે કરી દીધો છે. PCBએ લાખો રુપિયાના દારુના જથ્થાને જપ્ત કરી લીધો છે. પંજાબથી દારૂનો જથ્થો અમદાવાદ લવાઈ રહ્યો હતો. ગુજરાતમાં દારુ ઘુસાડવાના અવનવા કિમીયા બુટલેગરો શોધતા જ રહે છે.આવો જ એક નવો કિમીયો અજમાવીને દારુની હેરાફેરી કરવાનો પર્દાફાશ પોલીસે કરી દીધો છે. PCBએ લાખો રુપિયાના દારુના જથ્થાને જપ્ત કરી લીધો છે. પંજાબથી દારૂનો જથ્થો અમદાવાદ લવાઈ રહ્યો હતો. અમદાવાદમાં ફરી એકવાર દારુની હેરાફેરી થતી ઝડપાઈ છે. દારુની હેરાફેરી માટે બુટલેગરોએ નવો કિમીયો અજમાવ્યો છે. વોશિંગ મશીનની આડમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. PCBએ લાખોનો દારૂનો જથ્થો પકડી પાડયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨